Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ શ્રાવણ-ભાદ્રપદ

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## પર્યુષણ વિશેષાંક



ક્ષમા એ વીરનું ભૂષણ છે.

મિચ્છામિ દુક્કડમ્

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૪ ] ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૭ [ અંક : ૧૦-૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| 'સ્વાગતમ્' ગીત | શ્રી જગજીવનદાસ જે. જૈન | ૨૩૫ |
| પર્યુષણનો પરમાર્થ | શ્રી અમરચંદ માવજી | ,, |
| આત્માનંદ પ્રકાશ (કાવ્ય) | ,, | ૨૩૬ |
| વીતરાગ પ્રાર્થના (કાવ્ય) | શ્રેયસ્ | ,, |
| कडाण कम्माण नमुकख अत्थि કરેલા કર્મોમાંથી મુક્તિ નથી | શ્રી ખી. ચાં. શાહ | ૨૩૭ |
| તપનો મહિમા | પં. પુર્ણાનન્દવિજય | ૨૩૯ |
| પર્યુષણની આરાધના | શ્રી કુમારપાળ દેસાઈ | ૨૪૩ |
| અભય અને અહિંસક પ્રવર્તક ભગવાન મહાવીર | શ્રી ઉપેન્દ્રરાય જે. સાંડેસરા | ૨૪૬ |
| મહાવીર સ્મૃતિ (કાવ્ય) | શ્રી જયંતિલાલ મોહનલાલ ઝવેરી | ૨૪૮ |
| મંદિર મારૂં, મૂર્તિ વિહોણું | ડૉ. બાવીશી–પાલીતાણા | ૨૪૯ |
| ક્ષમાની સાધના | પૂ. સાધ્વીજીશ્રી ૐકારશ્રીજી મ. | ૨૫૧ |
| સુખ ક્યાં છે? | પૂ. મુનિશ્રી જ્ઞાનસાગરજી | ૨૫૫ |
| પર્યુષણ પર્વનો દિવ્ય સંદેશ | પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરી | ૨૫૯ |
| સમાચાર | | ૨૬૧ |


## આ સભાના નવા આજીવન સભ્યો

શ્રી જીતેન્દ્રકુમાર માવજીભાઈ શાહ (મોણપરવાળા) ભાવનગર

શ્રી રમણીકલાલ વનમાળીદાસ શાહ (પચ્છેગામવાળા) ભાવનગર

શ્રી જાદવજી અંદરજીભાઈ શાહ (કંથારીયાવાળા) ભાવનગર

શ્રી નગીનદાસ જીવરાજભાઈ ભાવનગર

શ્રી શશીકાંત નેમચંદભાઈ પારેખ ભાવનગર
C/o. નગીનદાસ નેમચંદ કાપડીઆ

શ્રી જયેશકુમાર અનંતરાય શાહ ભાવનગર

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગરવાળા ભાવસાર હરીચંદ ત્રીભુવનદાસ સં. ૨૦૩૩ના બીજા શ્રાવણ શુદ ૪ તા. ૧૮-૮-૭૭ ગુરૂવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓશ્રી ખુબ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મીક લાગણીવાળા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે એવી પ્રાર્થના.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# પ્રતાપરાય અનોપચંદ મહેતા (વલભીપુરવાળા) ભાવનગર

### જીવનની ટૂંકી રૂપરેખા



ધર્માનુરાગી ભાઈશ્રી પ્રતાપરાય અનોપચંદ મહેતાનો જન્મ ઇતિહાસપ્રસિદ્ધ શ્રી વલભીપુર મુકામે સંવત ૧૯૬૯ના પોષ વદી ૪ તા. ૨૬-૧-૧૯૧૩ રવિવારના રોજ થયો.

સંતસમાગમથી તેમના જીવનમાં ધર્મભાવનાની વૃદ્ધિ થતી ગઈ. સં. ૨૦૧૨માં ભાવનગર આવ્યા અને ભાવનગરમાં **'શારદા સાયકલ સ્ટોર'** નામની દુકાન સફળતાપૂર્વક ચલાવે છે.

શ્રી વલભીપુર જૈન સંઘના પુણ્યયોગે પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી તથા પૂ. આ. મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજની તબીયતના કારણે સં. ૧૯૯૬માં વલભીપુર મુકામે પધાર્યા. સં. ૧૯૯૬ના પૂ. આચાર્ય મહારાજશ્રીના ચાતુર્માસ દરમીયાન પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉચ્ચ સંસ્કારો પ્રાપ્ત થાય તે માટે ભાઈશ્રી પ્રતાપભાઈને ધર્મના સંસ્કારોનું સીંચન કરી ઘણાં નીયમો આપ્યા.

સં. ૨૦૧૬માં પૂ. મુનિ મહારાજ શ્રી ભુવનવિજયજી ગણીની પ્રેરણાથી ભાઈશ્રી પ્રતાપભાઈએ શ્રી દાદાસાહેબ જૈન ઉપાશ્રયમાં ચોસઠ પહોરી સાથે અઠ્ઠાઈ તપની આરાધના કરી અને તેમનામાં વ્યાપારી વ્યવસાય જીવન સાથે પણ ધર્મભાવના ઉત્તરોત્તર વધતી ગઈ.

શ્રી પ્રતાપભાઈના કુટુંબમાં જન્મ લઈ જવાહર જેવા ભાઈ જવાહરે (B.Com. એકાઉન્ટન્ટ) ૩૦ વર્ષની ભરયુવાન વયે પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પાસે સં. ૨૦૩૧ના મહા શુદ ૪ના રોજ દીક્ષા અંગીકાર કરી તેમનું નામ મુનિ જિનહંસવિજયજી રાખવામાં આવ્યું. આ દિક્ષા મહોત્સવ શ્રી ભાવનગર સંઘના સહકારથી અને પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. આ. શ્રી વિજય રૂચકસૂરીશ્વરજી અને પૂ.આ શ્રી વિજય નીતીપ્રભસૂરીશ્વરજી આદી આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ઉજવાયેલ. શ્રી સંઘે તેમાં સારી અનુમોદના કરેલ

સંવત ૨૦૨૨ના આસો વદ ૦))ના રોજ તેમના ધર્મપત્ની અ. સૌ. શાંતાબેન ગોવીંદજી પારેખનો સ્વર્ગવાસ થતાં સં. ૨૦૨૩ના કાર્તિક શુદ પાંચમ જ્ઞાનપંચમીના શુભ દિને મોક્ષમાર્ગની સુંદર આરાધના માટે આચાર્ય ભગવંત શ્રી વિજય દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી પાસે શ્રી પ્રતાપભાઈએ બાર વ્રત ઉચર્યા. ઘણા વર્ષથી તેઓ આત્માનંદ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી હાલમાં આ સભાના કારોબારીના સભ્ય છે. અને હવે તેઓશ્રી આ સભાના માનવંત પેટ્રન બને છે, એ સંસ્થાની આનંદની વાત છે. તેઓ અનેક શુભ કાર્યો કરે અને ધર્મભાવનામાં આગળ વધે એવી શુભેચ્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ શ્રાવણ-ભાદરવો : ૧૯૭૭ ઓગસ્ટ-સપ્ટે. | અંક : ૧૦-૧૧

શ્રી પર્વાધિરાજ પર્યુષણ પર્વ

## "સ્વાગતમ્" ગીત

મેં અપરાધી જનમકા, નખશીખ ભરા વિકાર;
તુમ દાતા, દુઃખ ભંજના, મેરી કરો સમ્હાર.

પધારો મંગલમય મહેમાન,
પધારો મંગલમય મહેમાન;
તમે છો શાસનના શણગાર. પધારો૦

રત્નત્રયી સમ અમ જીવન કરજો,
તપ તેજ વડે અમ જીવન ભરજો;
માગું છું અલ્પ જ દાન. પધારો૦

જ્ઞાન દાન તપની એ ધારા!
આપ હમારે મુક્તિ કિનારા;
નૈયા પડી મઝધાર. પધારો૦

સુઝ નથી સ્વાગત શું કરવું?
માત્ર વાણી! ચરણે શું ધરવું?
મેં ગુંથી અધુરી ફુલમાળ. પધારો૦

—દેસાઇ જગજીવનદાસ જે. જૈન-બગસરા



## ક્ષમાપના

લેખક : અમરચંદ માવજી શાહ

### પર્યુષણનો પરમાર્થ

મન-વચન-કાયા થકી, રાગ દ્વેષ પરિણામ;
વૈર વિરોધ કીધા કંઇ, ક્ષમા કરજો તમામ.

ક્ષમા કરજો સકળ જગના જીવ અપરાધ મારા,
માગુ સંવત્સરી દિને મન-વચન-કાયાથી પ્યારા;
પસ્તાઇને હવે વહાવું ક્ષમામૃત પ્રેમ ધારા,
મિચ્છામી દુક્કડં અર્પી યાચના 'અમર' પ્યારા.

## સાંવત્સરિક ક્ષમાપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિતરાગ પ્રાર્થના

(રાગ-મંદિર છો મુક્તિ તણા માંગલ્યક્રીડાના પ્રભુ)

વિતરાગ તુજ શાસન અનેરૂં. અન્યને ના ઇચ્છતો,
હે નાથ નિરંજન વિભુ ! ભવેભવ મુજને મળજો;
હું છું અબુધ અજ્ઞાની બાળક, તું દેવાધિદેવ છો !
શરણ તારૂં ચરણસેવા ભવોભવ મુજને હજો.
નભમાં અગણિત તારલા ગણતાં ગણાયે ના કદી,
અગણિત ગુણ વિભુ તાહરા કેમે કરી ગાઇ શકું;
શક્તિ નથી તલભાર મારી ગુણ ગાવા તાહરા,
સ્વીકારજો વિતરાગ મારી વંદના ભાવો ભરી.

卐

લે. 'શ્રેયસ'

## આત્માનંદ પ્રકાશ

( બાહિરલીપીકા )

આતમાનંદ સહજ સ્વરૂપ, પ્રકાશ સ્હેજે થાય;
તરવા હોય જો ભાવના, સાધન સિદ્ધ ગણાય. ૧

મારા તણી મમતા મૂકી, સમતા ને અવકાશ;
નંદન ત્રીશલા વીર જિને, આપ્યો જ્ઞાન પ્રકાશ. ૨

દયા ધર્મ દીલે ધરી, આતમ લક્ષ ગ્રહાય;
પ્રકાશ મળશે સ્વરૂપ જો, આનંદ અવધિ થાય. ૩

કાર્ય એક પરમાર્થનું, બીજું નહિ મન લક્ષ;
શરણું ગ્રહી શ્રીવીરનું, 'અમર' જ્ઞાનનું વૃક્ષ ૪

卐

( દોહરા )

પર્યુષણ એમ સૂચવે, મારા છે દિન આઠ;
કર્મ તમારા તેટલા, તોડવા શીખો પાઠ ૧

વળી સૂચવે એમ કે, ગુણ તમારા આઠ;
પામો તપ જપ ધ્યાનથી, કરી કર્મને ખાખ. ૨

પરમાર્થનું પર્વ આ, પાપાશ્રવ કરી ત્યાગ;
આત્માર્થને સાધવા, ધરો અંતર વૈરાગ્ય. ૩

ક્ષમા જળથી શુદ્ધ થઇ, રાગ દ્વેષ કરી નાશ;
શુદ્ધ થઇને સિદ્ધપદ, પામો 'અમર' અવિનાશ. ૪

(અમર આત્મમંથન)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कडाण कम्माण न मुक्ख अत्थि ।

## કરેલાં કર્મોમાંથી મુક્તિ નથી

લેખક : શ્રી ખીમચંદ ચાંપશી શાહ

ઉત્તરાધ્યયન સૂત્રની એક ગાથા(અધ્યા. ૪ ગા. ૩)ના ઉપર ટાંકેલા ચરણમાં કહેવાયું છે કે આપણે કરેલાં કર્મોનાં ફળો ભોગવ્યાં વિના છૂટકો નથી. આપણે જે કર્મો કરીએ છીએ. તેથી કર્મબંધ થાય છે, અને તેના કારણે કર્મોનાં ફળો ભોગવવાં જ પડે છે. જીવે આ ફળો ભોગવવા ખાતર જન્મ-મરણના ચક્રાવામાં ફસાવું પડે છે. એટલે જ કહ્યું છે કે कम्म च जाइमरणस्स वीयं કર્મ જ જન્મ-મરણનું બીજ છે.

ઉપરની વાત સામાન્ય માનવી માટે બરાબર છે પરંતુ મુમુક્ષુ સાધક સામાન્ય માનવીની જેમ નિયત કર્મો કરે છે, છતાં તે કર્મો તે એવી રીતે કરે છે કે તેને કર્મબંધ થતો નથી અને તેથી ફળો ભોગવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આપણે આ બાબત જરા વિસ્તારથી વિચારીએ.

આપણે કર્મો કરતા જ જઈએ છીએ. આ કર્મોથી આપણને કર્મબંધ લાગે છે. સારાં કર્મોથી એટલે કે શુભ પ્રવૃત્તિઓથી પુણ્યબંધ થાય છે, અને તેનાં સારાં ફળો ભોગવવાં મળે છે નઠારાં કર્મોથી એટલે કે અશુભ પ્રવૃત્તિઓથી પાપબંધ થાય છે, અને તેનાં નઠારાં ફળો ભોગવવાં પડે છે. કોઈ પણ જીવ એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી, કેમકે તેને પ્રકૃતિજન્ય ગુણો વડે કર્મો કરવાં જ પડે છે. અરે, તેને જીવવા માટે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી પડે છે, તે પણ એક પ્રકારનું કર્મ જ છે. આમ જીવ ક્ષણે ક્ષણે કર્મબંધમાં પડતો જાય છે, અને તેનાં ફળો ભોગવવાં જન્મ-મરણના ચક્રાવામાં ફસાતો જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે એવી કઈ જીવનચર્યાની રીત છે કે જેમાં કર્મો કરવા છતાં કર્મબંધ થતો નથી.

પ્રથમ આપણે સારાં કર્મો-શુભ પ્રવૃત્તિઓનો વિચાર કરીએ. આવી શુભ પ્રવૃત્તિઓ જો આપણે કાંઈક આર્થિક લાભ, સામાજિક પ્રતિષ્ઠા કે અન્ય હેતુઓ લક્ષ્યમાં રાખીને કરીએ, તો જરૂર તેનું પણ બંધન લાગે, જો કે આનાં સારાં ફળો મળે. પણ આપણું જીવનધ્યેય જે વીતરાગતા છે. તે તરફ આગળ વધવામાં તે બાધારૂપ નીવડે. પણ જો આવી શુભ પ્રવૃત્તિઓ કોઈપણ જાતના ઐહિક લાભ ખાતર નહીં, પરંતુ આપણા આત્માની શુદ્ધિ ખાતર- આપણામાં રહેલા કષાયોનો નાશ કરવાની દૃષ્ટિથી કરવામાં આવે, તો તેનું બંધન લાગતુ નથી. જેમકે, દાન કરીએ તો તે પ્રતિષ્ઠા મેળવવા ખાતર કે દાન લેનાર ઉપર ઉપકાર કરવાની વૃત્તિથી નહીં, પણ આપણામાં રહેલી લોભ-પરિગ્રહવૃત્તિ ઓછી કરવાના હેતુથી. દયા કરીએ તો તે જીવમાત્ર પ્રત્યે આત્મસમભાવ કેળવવાના હેતુથી. આવી રીતે દરેક શુભ પ્રવૃત્તિ સાવધાનતાપૂર્વક આત્માની શુદ્ધિના લક્ષ્યથી કરવામાં આવે, તો તે વીતરાગભાવને પોષનારી અને પમાડનારી બને છે.

હવે ખરાબ કર્મો-અશુભ પ્રવૃત્તિઓનો વિચાર કરીએ. એ તો સ્પષ્ટ છે કે આવી પ્રવૃત્તિઓ કરવાથી પાપ બંધાય છે અને તેનાં માઠાં ફળો ભોગવવાં પડે છે. આ વાત બરા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બર સમજીને આપણે જીવનમાં ઉતારવી જોઇએ. અને પાપકર્મો-અશુભ પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઇએ.

આમ છતાં, કેટલાંક એવાં કર્મો છે કે જે આપણી સામે આવીને ઊભાં રહે છે, જેને આપણે કરવાં જ પડે છે. અને જેને કરતાં જતાં પાપનું કર્મબંધન ઉત્પન્ન થાય છે. આવા પ્રસંગે આપણે શું કરવું?

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-"ચાલવું, ઊભવું, બેસવું, સૂવું, જમવું, બોલવું વગેરે ક્રિયાઓ યતના-વિવેક-ઉપયોગપૂર્વક કરવાથી સાધક પાપકર્મ બાંધતો નથી. પ્રાણી માત્રને આત્મસમાન સમજનારો, સર્વ જીવો પ્રત્યે સમ્યગ્દૃષ્ટિએ જોનારો, દોષ સ્થાનોને બંધ કરી દેનારો અને મન તથા ઇન્દ્રિયોનું દમન કરનારો સાધક પાપકર્મ બાંધતો નથી."[1] વળી એમ પણ કહેવાયું છે કે-"જેમ ચીકણો ગુણ ધરાવતું કમલિનીનું પાંદડું, પાણીમાં રહેવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ સમિતિ જાગ્રતિપૂર્વક પ્રાણીઓની વચ્ચે વિચરનારો સાધક પાપકર્મબંધથી લેપાતો નથી."[2]

ભગવદ્ ગીતામાં કહ્યું છે કે-"જેને કોઈ પણ પ્રકારની તૃષ્ણાઓ નથી, જેના મન અને બુદ્ધિ સંયમમાં છે અને જેણે સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરેલો છે, તે કેવળ શરીરથી કર્મો (જેવાં કે ચાલવું, ઊભવું ઇત્યાદિ) કરે, તો પણ તેને તે કર્મોનું પાપ લાગતું નથી."[3] વળી "સમત્વવાળો, વિશુદ્ધ મન તથા સંયત ચિત્તવાળો, વશ કરેલી ઇન્દ્રિયોવાળો અને સર્વ પ્રાણીઓનો આત્મા બનેલો સાધક કર્મો કરવા છતાં તેનાથી લેપાતો નથી. (તેને કર્મ-બંધ લાગતો નથી.)"[4]

આ બાબતમાં એક દૃષ્ટાંત જોઈએ. એક વખત દુર્વાસા ઋષિ ગોકુળમાં આવી ચડ્યા, અને નિરાંતે સારી રીતે જમ્યા. આ વખતે કેટલીક ગોપીઓને મથુરામાં દહીં-માખણ વેચવા જવું હતું, પણ યમુનામાં પૂર આવવાને લીધે જઈ શકાય તેમ ન હતું. તેમને ઋષિએ કહ્યું કે "તમે યમુના પાસે જઇને કહો કે, જો દુર્વાસા ઋષિ નિત્ય ઉપવાસી હોય તો તે સત્યના પ્રતાપે તમે અમને માર્ગ આપો." ગોપીઓ હસી પડી. હજી હમણાં જ ઋષિએ થાળ ભરીને આરોગ્યું હતું; છતાં પોતાને નિત્ય ઉપવાસી કહે છે. કેવી વિચિત્ર વાત! છતાં તેઓ યમુના કિનારે ગઈ, અને ઋષિનો સંદેશો સાંભળતાં જ યમુનાએ માર્ગ આપ્યો. વાતનો મર્મ એ છે કે ઋષિ જમતા હતા, પણ તદ્દન નિર્લેપભાવે, જરાયે આસક્તિ વગર ભૂખ-અભૂખથી પર રહીને. જૈન દૃષ્ટિએ કહીએ તો એષણા સમિતિપૂર્વક. આથી તેમને ભોજન કે ઉપવાસનું કર્મબંધન લાગતું નહિ.

આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે જો આપણે યતના-વિવેક-ઉપયોગપૂર્વક, કર્મ અને તેનાં ફળમાં આસક્તિ રાખ્યા વગર, પ્રાણી માત્ર પ્રત્યે આત્મસમભાવ રાખીને, અને મન તથા ઇન્દ્રિયોનું દમન કરીને આપણી સામે ઉપસ્થિત થયેલાં કર્મો કરશું, તો કર્મ-બંધ લાગશે નહીં-ફળો ભોગવવાનો પ્રશ્ન ઊભો થશે નહીં.

卐

---

૧. દશવૈકાલિકસૂત્ર અધ્યાય ૪, ગાથા ૮-૯. ૨. સમણસુત્તં ગાથા ૩૯૩. ૩ ભગવદ્ ગીતા અધ્યાય ૪, શ્લોક ૨૧. ૪. ભગવદ્ગીતા અધ્યાય ૫, શ્લોક ૭.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપનો મહિમા



લે. પં. પૂર્ણાનંદવિજય (કુમારશ્રમણ)

## જૈન શાસનની અદ્વિતીયતા :

પ્રાણીમાત્રને પરમાત્મપદ પ્રાપ્ત કરાવી આપવામાં જૈન શાસનથી અતિરિક્ત બીજુ એકેય શાસન, ધર્મ કે દર્શન નથી, એમ કહેવામાં કે લખવામાં રતિમાત્ર અતિશયોક્તિ નથી. કેમકે બાઇબલમાં ઇસામસીહ કુરાનમાં મહમ્મદ પયગંબર અને બ્રાહ્મણસૂત્રોમાં વિષ્ણુને છોડીને બીજો કોઇ પણ આત્મા પરમાત્મા, ઇશ્વર, ખુદા, (God) થઇ શકતો નથી.

જ્યારે સમવસરણમાં બિરાજમાન થઇને કેવળજ્ઞાન (અતીન્દ્રિયજ્ઞાન)ના સ્વામી તીર્થંકર દેવોએ ડંકાની ચોટ સાથે કહ્યું કે "પ્રાણીમાત્ર પરમાત્મ સ્વરૂપ છે." કાર્યમાત્રના કારણો જેમ નિશ્ચિત છે, તેમ પરમાત્મપદ પ્રાપ્ત કરવા માટેના મૌલિક અને શુદ્ધ કારણોનો સ્વીકાર કરવામાં આવે, તો પ્રત્યેક માનવ ઇશ્વરપદનો ભોક્તા બની શકે છે. માટે જ જૈન શાસન કહે છે, જે જે ભાગ્યશાલીઓએ સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે તે બધાએ અને વર્તમાનકાળમાં જે આ પદ પ્રાપ્ત કરી રહ્યાં છે, તથા ભવિષ્યમાં પણ જેઓ મોક્ષ મેળવશે તે બધાએ પરમાત્માઓ છે." જૈન શાસનમાં એક જ પરમાત્મા નથી પણ મોક્ષ મેળવેલા અનેકાનેક પરમાત્માઓ છે, અને બધાએ અનંત ચતુષ્ટયના માલિકો હોવાથી સંસારી જીવોને માટે પૂજ્ય, સેવ્ય, માન્ય અને આદરણીય છે.

## પરમાત્મા એટલે ?

"રાગદ્વેષનો સમૂળ નાશ કર્યો હોવાથી જેમનો આત્મા પોતાના મૂળ સ્વભાવમાં આવ્યો હોય તે પરમાત્મા."

"મોક્ષ માર્ગના માધ્યમથી જેઓ બીજા જીવો ઉપર શાસન કરે તે ઇશ્વર."

"અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખના માલિક હોવાથી તે ભગવાન."

"કર્મના પિંજરામાંથી સર્વથા મુક્ત થઇ ગયા હોય તે મુક્ત."

"સર્વથા કૃતકૃત્ય થયા હોય તે સિદ્ધ"

"કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ અંતરંગ શત્રુઓનો જેમણે સમૂળ નાશ કર્યો હોય તે અરિહંત."

આ પ્રમાણે અસંખ્યાતા વિશેષણો જેમના જીવનમાં સાર્થક થયા હોય તે પરમેશ્વર.

આવી રીતના પરમાત્માઓ જગતકર્તા નથી પણ મોક્ષ માર્ગના વિધાતા છે. સંસારના સંહારકર્તા નથી પણ મોક્ષનો ઉપદેશ આપી જીવમાત્રને સમ્યગ્જ્ઞાનના માધ્યમથી અનંત સુખ તરફ લઇ જનારા હોવાથી શંકર છે.

માટે જ જૈનાચાર્યોએ કહ્યું કે પરમાત્મા સદૈવ સ્મરણીય, નમસ્કરણીય, ધ્યેય અને ઉપાસ્ય છે.

## પરમાત્મપદના મૌલિક કારણો :

કોઇપણ વસ્તુને પ્રાપ્ત કરવા માટે તેમના બે પ્રકારો છે. જેમકે–મેલુ વસ્ત્ર ઉજળું કરવું હોય તો સૌથી પહેલાં તે વસ્ત્ર ઉપર નવો મેલ લાગવા ન પામે તેની પૂરી કાળજી રાખવી જોઇએ, અને જૂનો મેલ કાઢવાને માટે, સર્ફ, સાબુ અને બે–ચાર ધોકાના માર મારીને પણ તે વસ્ત્ર ઉજળું કરી શકાશે. તેવી જ રીતે અનંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માયારૂપી કર્મમેલથી આત્મા પણ ભારી બનેલો છે, તેથી શુદ્ધસ્વરૂપી, નિરંજન, નિરાકાર આત્મા પણ કર્મોના ભારથી વજનદાર હોવાના કારણે અત્યારના સમયમાં પાપરૂપી મેલથી ખરડાયેલો, કષાયભાવમાં અટવાયેલો અને વિષયવાસનામાં લપટાયેલો હોવાથી આત્માને પણ પરમાત્મા રૂપે બનાવવા માટે સૌથી પ્રથમ બે પ્રક્રિયા સ્વીકારવા સિવાય એકેય માર્ગ નથી.

૧. પહેલો પ્રકાર નવા પાપદ્વારોથી આત્માને બચાવવો.

૨. બીજો પ્રકાર આત્મા ઉપરના જુના પાપોને ખંખેરી નાંખવા.

આ બંને પ્રકારો (પ્રક્રિયાઓ) જેટલા શુદ્ધ સાત્ત્વિક અને મૌલિક હશે તેટલા અંશોમાં આત્મા પણ પોતાના શુદ્ધ સ્વરૂપ તરફ આગળને આગળ વધતો સ્વયમેવ પરમાત્મા બની જશે.

### દેવ–ગુરુ અને ધર્મ :

બિલ્ડીંગની મજબુતાઈમાં ત્રણ મુખ્ય કારણો છે. ૧ પાયો, ૨ થાંભલા, ૩ પાટડા (ગર્ડર) એટલે કે આ ત્રણેની મજબુતાઈ જ બિલ્ડીંગની મજબુતાઈમાં મૂળ કારણ છે. એ જ પ્રમાણે આત્મકલ્યાણને માટે પણ દેવ–ગુરુ અને ધર્મની શુદ્ધતા–પવિત્રતા અને મજબુતાઈ પણ અત્યાવશ્યક છે. દેવ અને ધર્મની વચ્ચે ગુરુતત્ત્વ રહેલું છે તે બતાવી આપે છે કે 'સંસારચક્રમાં પરિભ્રમણ કરનારા જીવાત્માને સુગુરુ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. તેમનાં ભાગ્યમાં દેવ અને ધર્મ પણ શુદ્ધ મળી શકતા નથી. આખો એ સંસાર સૌને માટે પ્રત્યક્ષ છે કે જેમને ગુરૂ માંસાહારી, શરાબી, આરંભી અને સમારંભી, મિથ્યાભિલાષી, તથા પરિગ્રહના ભારથી દબાઈ ગયેલા મળ્યા હશે, તેમને દેવ પણ માંસાહારી, શરાબી, કામી, ક્રોધી મળ્યા હોય છે, અને ધર્મ તથા તેનાં શાસ્ત્રો પણ માંસાહાર, શરાબ, પરિગ્રહ તથા સત્ય, સદાચાર આદિ ધર્મકર્મની મર્યાદા વિનાના મળ્યા હોય છે. આજે ભારત દેશમાં એવા પણ દેવો અને દેવીઓ છે કે જેમની સન્મુખે હજારોની સંખ્યામાં બકરા, ઘેટા, પાડા, મુરઘા આદિ જાનવરોને મારીને તેમનાં કુંડ લોહીથી ભરાય છે. બીજા દેવોને શરાબથી સ્નાન કરાવાય છે અને શરાબની બોટલો ત્યાં મૂકી દેવામાં આવે છે. જ્યારે તેવા પણ દેવો છે કે જેમના શ્રાપથી ભારત દેશનો મોટો ભાગ ભયગ્રસ્ત બનેલો હોવાથી ત્રસ્ત છે, તથા ધર્મના નામે તેમના શાસ્ત્રોના પાનાઓએ પણ પશુ-હત્યા, શરાબપાન અને મૈથુન કર્મની પ્રશસ્તિઓ ગાયેલી છે. જેમ કે "....न मद्यभक्षणे दोषो न मांसे न च मैथुने...." આમ છતાં પણ આપણે પ્રત્યક્ષ કરી રહ્યાં છીએ કે કપાઇ ગયેલા હજારોની સંખ્યામાં જાનવરોના માંસમાંથી એક રતિ જેટલું પણ માંસ બિચારા દેવી-દેવો ખાતા નથી કે શરાબની એક પ્યાલી પણ તેઓ પીતા નથી પણ તેવા વિચિત્ર પ્રકારે દેવ અને ધર્મની પ્રતિપાદના કરનારા તેમના ગુરુઓ, પંડિતો, પૂજારીઓ જ બધી વસ્તુઓને પેટમાં પધરાવી દેવાવાળા હોય છે. મતલબ કે જેમના ગુરુઓ, પંડિતો કે પૂજારીઓ જ માંસાહારી, શરાબી અને દુરાચારી હોય તેમને દેવ અને ધર્મ પણ તેવા જ મળે છે. માટે જ સંસાર-માંથી માંસાહાર, શરાબપાન આદિ પાપ-તત્ત્વો ઘટ્યાં નથી, ઘટતા નથી અને ઘટશે પણ નહીં. ફળ સ્વરૂપે તેવા માણસો નવા પાપોને રોકવા માટે કે જૂના પાપોને ધોઈ નાખવા માટે પણ સમર્થ બની શકતા નથી.

જ્યારે મહાવ્રતધારી, ઇન્દ્રિયોના વિજેતા, તપસ્વી, નિષ્કષાયી અને અપરિગ્રહી ગુરુ તત્ત્વની પ્રાપ્તિ જે ભાગ્યશાળીઓને થઇ હોય છે, ત્યારે જ તેમને દેવ અને ધર્મ પણ પાપ તત્ત્વોનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષેધ કરનારા મળે છે. ફળ સ્વરૂપે સંસારને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને સંતોષ ધર્મની પ્રાપ્તિ થાય છે. જેનાથી નવા પાપોને રોકીને જૂના પાપોને ખંખેરી નાખવા માટે તેઓ સમર્થ બને છે.

રત્નત્રયી :

અને તેમ થતાં તે ભાગ્યશાળીઓ સર્વથા અભૂતપૂર્વ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી ત્રણ અમૂલ્ય રત્નો મેળવવા માટે ભાગ્યશાળી બને છે. યદ્યપિ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરનારો જીવાત્મા કોઇ કાળે પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર વિનાનો હોતો નથી પરંતુ આત્માના એક એક પ્રદેશ ઉપર કર્મોની અનંતાનંત વર્ગણાનો ભાર હોવાથી જ્યાં સુધી તે આત્મા પોતાનું આત્મદર્શન મેળવી શકતો નથી, ત્યાં સુધી તેના જ્ઞાન–દર્શન અને ચારિત્ર મિથ્યાત્વના મેલથી આવૃત્ત હોવાના કારણે તેઓ પણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના માલિક હોય છે. પરિણામે પાપસ્થાનકોમાં છેલ્લા નંબરે રહેલ મિથ્યાત્વ (મિથ્યાદર્શન) બહુ જ જોરદાર હોવાથી પૂર્વવર્તીય ૧૭ પાપસ્થાનકો પણ તીવ્ર હોય છે. એટલે કે તેમનાં જીવનમાં પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય-રતિ–અરતિ તથા માયામૃષાવાદ આદિ પાપો જોરદાર હોય છે તેથી તેઓ આ પાપદ્વારો ઉપર કોઈ કાળે પણ કંટ્રોલ કરી શકતા નથી, પછી આત્મકલ્યાણની વાત જ કયાં રહી?

પરંતુ ભવભવાંતરના ઉપાર્જિત કર્મો જે કોઈ ભવમાં પાતળા પડશે, ત્યારે જ તેઓ સમ્યગ્દર્શન મેળવવાને માટે ભાગ્યશાળી બનશે અને તેમ થયે છતે તેમના જીવનમાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પણ વધતો જશે અને સમ્યક્ચારિત્રની યથાશકય તથા યથાયોગ્ય પ્રાપ્તિ થશે. આ ત્રણેમાં પહેલાના બે એટલે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નવા બંધાતા પાપોને રોકનારા છે, તથા સમ્યક્ચારિત્ર જૂના પાપોને ખંખેરી નાખવા માટે પૂર્ણ સમર્થ છે. તે આ પ્રમાણે :—

બધાએ પાપોની ઉત્પત્તિમાં અને વૃદ્ધિમાં આશ્રવ અને કષાય કામ કરી રહ્યાં હોય છે. પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ (જૂઠ), ચૌર્ય, મૈથુન અને પરિગ્રહરૂપ મોટા પાપો આશ્રવ છે, પરંતુ ધ્યાન રાખવું જોઇએ કે આ મોટા પાપોનું મૂળ કારણ કષાયો જ હોય છે. કેમકે જ્યાં જ્યાં કષાયો છે, ત્યાં ત્યાં પાંચે ઇન્દ્રિયોની ગુલામી કામ કરતી હોય છે, અને જે ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત છે, તેમનું મન પ્રતિસમય તેમના વિષયોમાં જ ચક્કર મારતું હોય છે. માટે ત્યાં શુભ ભાવના પણ સ્મશાનનાં વૈરાગ્ય પૂરતી હોય છે, ફળ સ્વરૂપે આશ્રવના દ્વાર ત્યાં બંધ હોઈ શકતા નથી.

આવી પરિસ્થિતિમાં જ્યારે આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે ત્યારે કષાયભાવોની અતિ તીવ્રતા પણ સમાપ્ત થતાં અનંતાનુબંધી કષાયોની ચોકડી પણ ઉપશમ થાય છે અથવા ક્ષય પામે છે. આ સમયે સમ્યગ્જ્ઞાનની પવિત્ર માત્રા વધતી જાય તો તે ભાગ્યશાળીને પૌદ્ગલિક સુખો પણ પાપ જેવા લાગશે અને અપ્રત્યાખ્યાન કષાયની ચોકડી પણ ઉપશમ અથવા ક્ષય અવસ્થાને પ્રાપ્ત થતાં જ જીવાત્માને અલ્પાંશે પણ નિરર્થક પાપોના દ્વાર બંધ કરવા માટેની ઇચ્છા થશે. અને પાપી પેટ માટે કરાતા પાપો પ્રત્યે પણ તલ્લીનતા કે આસક્તિ નહીં પણ ઉદાસીનતા કે અનાસક્તતા પ્રાપ્ત થશે અને ગુરુ તથા સંઘ સમક્ષ સમ્યક્ત્વમૂલક બાર વ્રતોને પોતાની પરિસ્થિતિ પ્રમાણે સ્વીકાર કરશે તે સમયે સૂકા કપડા પ્રત્યે લાગેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધૂળની જેવા પાપ કર્મો પણ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કે આલોચના દ્વારા શાંત થશે.

सम्मदिठ्ठीजोवो जइवि हु पावं समायरे किंचि।
अप्पोसि होइ बंधो, जेण न निद्धं धसं कुणइ॥

અર્થ—સમ્યગ્દર્શનનો લાભ થતાં જ જીવ માત્રના નિષ્ઠ્રંસ પરિણામ, ક્રૂરતા આદિ ભાવોની અવિદ્યમાનતા હોવાથી પાપી પેટને માટે પણ કરાતા પાપોનું કર્મબંધન અલ્પ હોય છે, અને તે પણ આલોચના તથા પ્રતિક્રમણ દ્વારા નાશ પામે છે.

સારાંશ કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયે છતે પાપોની પરંપરાની ગતિ અટકી જાય છે અને સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થતાં તે ભાગ્યશાળી પાપને પાપ સમજે છે અને ગૃહસ્થાશ્રમમાં રહેતાં તેને કંઈ પણ કરવું પડતું હોય તે પણ ધ્રૂજતા હૃદયે કરે છે.

સમ્યક્ચારિત્ર-એટલે "કર્મોના ચય તથા ઉપચયને આત્માના પ્રદેશોમાંથી રિક્ત કરે-રિક્ત કરાવે તેને સમ્યક્ચારિત્ર કહેવાય છે." ભવભવાંતરનાં ઉપાર્જિત કર્મોને જડમૂળથી નાબૂદ કરાવે તે ચારિત્ર છે. આત્મામાં અદમ્ય પુરુષાર્થની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે જીવાત્માની મોહ-માયાની વાસના ઘટે છે, કષાયભાવની વૃત્તિ અને પ્રવૃત્તિ મંદ પડે છે, ત્યારે સમ્યક્ચારિત્રનો પ્રકાશ સાંપડે છે.

આ ચારિત્રના ઘણા ભેદોમાં 'તપ' પણ છે જે જૈનશાસનનો પ્રાણ છે: તેના અર્થો નીચે પ્રમાણે છે.

(१) तापयति आत्मानमिति तपः

અર્થાત્-અનાદિકાળના મોહમાયાના મેલથી ખરડાયેલા આત્માને તપાવે તે તપ છે, તથા જે શરીરમાં આત્મા રહે છે, તેનાં રસ, રક્ત, માંસ, મજ્જા, મેદ અને શુક્રધાતુમાં પડેલા તામસિક કે રાજસિક ભાવોને તપાવી સમાપ્ત કરે તથા જીવનમાં સાત્વિકતા લાવી આપે તે તપ છે. સાકરની ચાસણી થતાં તેમાં રહેલો મેલ પોતાની મેળે ઉપર આવે છે. તેવી રીતે સમ્યગ્જ્ઞાનપૂર્વકની સાત્વિક તપશ્ચર્યા જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ શરીરમાં રહેલી સાતે ધાતુઓ ચાસણીની જેમ તપે છે અને તેમાં રહેલા વૈકારિક ભાવો રૂપી તામસિક કે રાજસિક મેલ પણ નાશ પામે છે માટે જ કહેવાયું છે કે "तपसा प्राप्यते सत्त्वं, सत्वात् संप्राप्यते मनः मनसा प्राप्यते ह्यात्मा, ततः जाड्यं निवर्तते !

(२) कर्माष्टकं निमूलं करोतीति तपः

અર્થાત્ આઠે કર્મોના મૂળીયા જે ઉખેડી મારે તે તપ છે. ખૂબ યાદ રાખવાનું કે બાહ્ય અથવા આભ્યન્તર તપશ્ચર્યા વિનાની ભક્તિ વાંઝણી રહેશે અને બીજા પણ અનુષ્ઠાનો મોક્ષના પ્રેરક બની શકે તેમ નથી.

(३) इन्द्रिय मनः बुद्धि शोधयतीति तपः

અર્થાત ઇન્દ્રિયોને, મનને તથા બુદ્ધિને પવિત્ર બનાવે તે તપ છે. ખૂબ યાદ રાખવાનું કે જ્ઞાનેન્દ્રિયોને સંયમમાં રાખ્યા વિના કર્મેન્દ્રિયોનું બળાત્કારે સંયમન સર્વથા નિષ્ફળ જ જવાનું છે, તેમજ ભાવમનમાં ભાવનાતત્ત્વને પ્રવેશ કરાવ્યા વિના તમારા દ્રવ્ય (બાહ્ય) મનજીભાઇ તમને કોઈ કાળે પણ સ્વસ્થ અને નિરપક્ષ થવા દે તેમ નથી.

(४) केवलज्ञानपर्यन्त लब्धिपदा निददातीति तपः

અને છેવટે કેવળજ્ઞાન તથા તે જ્ઞાનની પૂર્વભૂમિકારૂપે ઘણી લબ્ધિઓને આપનારું તપ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણ્યનું પોષણ, પાપનું શોષણ, પર્વ પર્યુષણ આવ્યાં જી!

# પર્યુષણની આરાધના

લે. કુમારપાળ દેસાઈ

સ્વર્ગ તો કોઈએ જોયું નહોતું પણ મગધ દેશ જોનારને સ્વર્ગ જોયાનો આનંદ મળતો.

દેવોની પાટનગરી અમરાપુરી તો કોઈએ જોઈ નહોતી, પણ રાજગૃહી જોનારને અમરાપુરીનો અણસારો મળતો.

દેવોના રાજા ઈંદ્રને ચર્મચક્ષુવાળા માનવીઓ નજરે નીરખી શકતા નહિ, પણ મગધપતિ સેણિય બિંબિસારને નીરખતાં ઈંદ્રિરાજની પ્રતિભા પરખાઈ જતી.

ઈંદ્રિરાજની પટરાણી શચિદેવીનાં રૂપગુણ લઈને રાણી ચેલણાએ અવતાર ધર્યો હતો. અને મગધની રાજસભા એ દેવસભા જેવી અને સભાજનો દેવોની પ્રતિમૂર્તિ જેવા લાગતા.

રાજગૃહી અનેક પર્વતશૃંગોની વચ્ચે વસેલી હતી. તે અપૂર્વ વનશ્રી ધરાવતી હતી. એક દહાડો વનમાં અપૂર્વ અચરજ થયું. જન્મજાત વેરવાળાં પ્રાણીઓ એક બીજાને પ્રેમ કરતાં હતાં. ગાય વ્યાઘ્રબાળને ધવરાવતી હતી ને બિલાડી ઉંદરને પ્યાર કરતી હતી, સર્પ ને નકૂલ બંને ગાઢ મિત્ર થઈને ફરતા હતા.

વનપાલકને આ અચરજ થયું, ને એ વનખંડમાં પ્રવેશ્યો ત્યાં તેને જાણવા મળ્યું કે વીતરાગ ભગવાન મહાવીર અહીં સમોસર્યા છે અને એમના ક્ષમા પ્રેમભર્યા વ્યક્તિત્વનો આ પ્રભાવ છે.

વનપાલક દોડ્યો ને રાજસભામાં જઈને મગધરાજને ખબર આપ્યા કે ભગવાન મહાવીરદેવ પધાર્યા છે. પ્રકૃતિ પોતે પોતાને ભૂલી ગઈ છે, ને પ્રાણનું મહાપ્રાણમાં વિસર્જન થયું છે.

મગધરાજ સફાળા ખડા થઈ ગયા ને બોલ્યા, "ઓહ, આ વર્તમાન સાત ખોટના પુત્રના જન્મથી પણ અધિક છે. વધામણી લાવનારને સુવર્ણ ને હીરાના હારથી વધાવો, ને આનંદભેરી બજાવી સમસ્ત પ્રજાજનને સાબદા કરો. અમે પણ પ્રભુદર્શને સંચરીએ છીએ."

મગધરાજ હાથીએ ચડ્યા. ઢોલ–નગારા ગડગડ્યા. રાજવી પ્રભુની પરિષદમાં આવ્યા. પછી ધર્મવીરના નિયમ પ્રમાણે તેઓએ છત્ર છોડ્યું, ચામર તજ્યા, વાહન વર્જ્યાં, પાંચ રાજચિહ્ન અળગા કર્યા ને પતાકા છાંડીને પાંચ અભિગમ સાથે પ્રભુને વાંદ્યા.

મુનિજનોમાં શિરદાર ગૌતમને વાંદ્યા. વાંદીને પોતે પ્રભુથી સાડા ત્રણ હાથ દૂર બેઠા.

ભગવાન મહાવીર માલકોષ રાગમાં પોતાની વાણી વહાવતા હતા. તેઓ કહેતા હતા :

"સંસારમાં લખ ચોરાસીમાં ફરતાં મનુષ્યજન્મ મળવો મહાકઠણ છે. એમાં ય મનુષ્યજન્મ મળીને સારમાણસાઈ મળવી દુર્લભ છે. અને એથી ય દુર્લભ અહિંસા, સંયમ અને તપ –એમ ત્રણ પાયારૂપ ધર્મ મેળવવા દુર્લભ છે. અને સર્વથી દુર્લભ યોગ્ય જાણીને યોગ્ય આચરવું તે છે."

આ મુનિ અને ગૃહસ્થ બંને માટે સમજવું.

"માણસનું મન હરહંમેશ એકસમાન નથી. વળી બધા દિવસ સરખા હોતા નથી. કોઈ દિવસ મોટા હોય છે, કોઇ નાના. એવા દિવસો પર્વના છે. ચાલુ દિવસમાં મન એટલું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉલ્લસિત થતું નથી જેટલું પર્વના દિવસોમાં થાય છે. વળી ગૃહસ્થના ચાર પહોર તો ધંધામાં જાય છે, પણ એમાંથી એક યા અડધો પ્રહર પરમાર્થમાં જાય તો એ મહાન સાફલ્ય ગણાય. અને એમ રોજ ન થઈ શકે તો પર્વના દિવસો આવે ત્યારે ગૃહસ્થે ખાસ ધર્મકાર્યમાં ચિત્ત પરોવવું. ગાયના ગળે કાષ્ઠઘંસ બાંધી હોય તોય ફરતી ફરતી થોડાં તૃણ ખાઇ પેટ ભરી લે છે. એવું આમાં છે."

મગધરાજે આ વખતે પ્રશ્ન પૂછયો : "હે ભગવાન! પાપનું શોષણ અને પુણ્યનુ પોષણ થાય એવું પર્વોમાં મહાન પર્વ કયું છે?"

ભગવાન બોલ્યા : "હે રાજન્! મંત્રમાં નવકારમંત્ર જેમ મોટો છે, તીર્થમાં શત્રુંજય મોટો છે, દાનમાં અભયદાન મોટું છે, રત્નમાં ચિંતામણિ રત્ન મોટું છે, કેવળીમાં તીર્થંકર મોટા છે, જ્ઞાનમાં જેમ કૈવલ્યજ્ઞાન મોટું છે, ધ્યાનમાં જેમ શુકલ ધ્યાન મોટું છે, રસાયણમાં અમૃત મોટું છે, શંખમાં દક્ષિણાવર્ત મોટો છે, પર્વતમાં મેરૂ મોટો છે, નદીમાં ગંગા મહાન છે, સરોવરમાં માનસરોવર મોટું છે, એમ દ્વીપને વિષે જંબુદ્વીપ ક્ષેત્રને વિષે ભરતક્ષેત્ર, દેશમાં સોરઠ, દિવસમાં દિવાળીનો દિવસ, માસમાં ભાદરવો શ્રેષ્ઠ છે, એમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ મહાન છે. એક વાત કહું. જેમ તપ વિના મુનિ ન શોભે, શીલ વિના સ્ત્રી ન શોભે, શૌર્ય વિના શૂરો ન શોભે, વેદ વિના વિપ્ર ન શોભે, દયા વિના ધર્મ ન શોભે, એમ ગૃહસ્થ અને મુનિનું કુળ પર્યુષણની આરાધના વિના ન શોભે."

મગધરાજ કહે, "એ પર્વ કયારે આવે? કેટલા દિવસ ચાલે?"

ભગવાન કહે, "પર્યુષણ પર્વ આઠ દિવસનું પણ એનો મુખ્ય દિવસ ભાદરવા સુદ ચોથનો. એ દિવસ સંવત્સરીને નામે ઓળખાય. ઉપમા આપીએ તો ભાદરવા સુદ ચોથનો દિવસ સૂર્ય સમાન અને બાકીના સાત દિવસો નક્ષત્ર સમાન. સાત દિવસની સાધના એક દિવસને ઉજમાળ કરવા માટે છે"

મગધરાજ કહે. "પર્યુષણ પર્વ મુનિ માટે કયા પ્રકારનું છે?"

ભગવાન કહે, "સાધુઓ માટે પર્યુષણા દશ કલ્પમાંનો એક કલ્પ છે. પર્યુષણાનો અર્થ વર્ષાવાસ. વર્ષાઋતુ આવે સાધુએ એક સ્થળે રહેવું એનો યોગિક અર્થ એ છે કે આત્માની નજીક રહેવું અને આત્માની નજીક રહેવા માટે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોને તજવા. નવ કલ્પમાં સાધુઓ માટે (૧) અચેલક કલ્પ : ઓછાં ને જીર્ણ વસ્ત્ર પહેરવાં. (૨) ઉદ્દેશક કલ્પ : પોતાના નિમિત્તે બનાવેલ આહાર ન લેવો. (૩) શય્યાતર કલ્પ : જેને ત્યાં ઉતર્યા હોય તેને ત્યાંના ખાનપાન કે વસ્ત્ર સાધુએ ન લેવાં. (૪) રાજપિંડ ન લેવો. (૬) કૃતિકર્મ કલ્પ : જે દીક્ષામાં વડો તેને વડો સ્વીકારવો. (૬) ચારને બદલે પાંચ વ્રત (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ) સ્વીકારવાં. (૭) જ્યેષ્ઠ કલ્પ : કાચી દીક્ષા નહીં, પાકી દીક્ષાથી લઘુ ગુરુનો સ્વીકાર કરવો. (૮) રોજ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કરવું. (૯) માસ કલ્પ : એક મહિનાથી વિશેષ કયાંય ન રહેવું. (૧૦) પર્યુષણા કલ્પઃ ચોમાસામાં એક સ્થળે રહેવું. ચોમાસું રહેલા કલ્પવાળા સાધુએ પર્યુષણાના પાંચ દિવસ માટે કલ્પસૂત્ર વાંચવું.

મગધરાજ બોલ્યા : "ગૃહસ્થોએ પર્યુષણા પર્વમાં શું કરવું?"

ભગવાન મહાવીર બોલ્યા :

"ગૃહસ્થ અગીઆર કાર્ય કરે (૧) જિનમંદિરોને જુહારે, (૨) સાધુમુનિની સેવા કરે, (૩)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલ્પસૂત્ર સાંભળે, (૪) વીતરાગની પૂજા કરે (૫) ચતુર્વિધ સંઘમાં પ્રભાવના કરે, (૬) સાધર્મી-વાત્સલ્ય કરે, (૭) જીવોને જીવતદાન આપે, (૮) અકળ તપ કરે, (૯) જ્ઞાનની પૂજા કરે, (૧૦) ક્ષમાપના કરે, (૧૧) સંવત્સરી પ્રતિક્રમણ કરે."

મગધરાજ કહે, "આ તો વિશિષ્ટ કાર્ય કહ્યાં, સામાન્ય દૈનિક આચાર કેવા રાખે?"

ભગવાન કહે : "એ દિવસોમાં યથાશક્તિ દાન કરે, બ્રહ્મચર્ય પાળે, સામાયિક, પ્રતિક્રમણ ને પૌષધ કરે, ઘરના સમારંભ તજે, ખાંડવું-દળવું છોડે, નાટક ચેટક ન જુએ, ભૂમિએ સૂવે, સચિત્ત વસ્તુનો ત્યાગ કરે, રાત્રિએ જાગરણ કરે, ભાવભજન કરે, મધ્યાહ્ને પૂજા આંગી કરે, પાપના વચન મુખથકી ન બોલે, કલેશ, શોક, સંતાપ કરે નહિ, કરાવે નહિ, ધર્મ મહોત્સવમાં મન મૂકે, લક્ષ્મીનો સદુપયોગ કરે.

મગધરાજ કહે, "આઠ દિવસ શું સાંભળે?"

ભગવાન કહે, "પ્રથમના ત્રણ દિવસ કરવા યોગ્ય કર્તવ્ય વિષે સાંભળે. પછીના પાંચ દિવસ કલ્પસૂત્ર સાંભળે, કલ્પસૂત્રનો મહિમા પ્રભુ પ્રતિમાથી પણ વડો લેખાયો છે"

મગધરાજ, "આ પર્વનો મુખ્ય દિવસ સંવત્સરી. એ દિવસનું મુખ્ય કાર્ય શું?"

ભગવાન બોલ્યા : "ક્ષમાપના. પોતાનો જે દોષ કે ગુનો કોઈએ કર્યો હોય તેની સામે પગલે જઈને માફી આપવી ને પોતે જે દોષ કર્યા હોય તેની માફી માગવી. મનનો અહંકાર દૂર કરો, નમ્ર થવું, ચિત્ત નિર્મળ કરવું ને પછી આ આખા વર્ષના અતિ ઉત્તમ દિવસને સાર્થક કરવો."

લોખંડ
ના
"બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે."
ગોળ અને ચોરસ સળીયા
પટ્ટ તેમજ પાટા
વિગેરે મળશે
ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
રૂવાપરી રોડ : ભાવનગર
ટેલીગ્રામ : આયર્નમેન
ફોન ઓફીસ ૫૬૫૦, ૩૨૧૯ રેસીડન્સ ૪૫૫૭, ૫૫૪૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભય અને અહિંસક પ્રવર્તક ભગવાન મહાવીર



લેખક-ડૉ. ઉપેન્દ્રરાય જે. સાંડેસરા

અહિંસા એટલે હિંસા કરવી નહીં, કોઇ પણ પ્રાણીને દુઃખ દેવું નહીં, એવો અભાવાત્મક વિચાર નહીં પરંતુ સત્યશોધન માટે અર્થાત્ મુક્ત કે જ્ઞાની થવા માટે નિર્ભયપણે પ્રેમ-સાગરમાં લીન થવાની એવી પ્રક્રિયા કે જેમાં કરુણામૂલક અને સર્વને હિતકારી એવી પ્રવૃત્તિ કરવાનો પણ ભાવ છે. તેથી તેમાં કોઇનું બૂરું કરવાનો કે ઇચ્છવાનો, કોઇનેય દુઃખ દેવાનો, કોઇનો પણ દ્વેષમૂલક પ્રતિકાર કરવાનો અવકાશ નથી. તે સાથે નિર્ભયપણે, દ્વેષ વિના, બૂરાઇનો પ્રતિકાર કરવાનો છે. આવી અહિંસા અને અભયની સિદ્ધિ કરનાર સામાન્ય વીર નહીં પણ સાચો વીર, મહાવીર છે.

જૈનોના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનું માતાપિતાએ પાડેલું નામ તો વર્ધમાન હતું. પરંતુ ચિત્તશુદ્ધિની સાધના કરતાં કરતાં આવી પડેલા કલ્પનાતીત વિઘ્નો, દુઃખો અને પરિષહોને નિર્ભયપણે ધૈર્ય, કરુણા અને અહિંસાથી સહન કર્યાં તેથી તેઓ મહાવીર કહેવાયા.

સાધનાના બીજા વર્ષે ભગવાન મહાવીર દક્ષિણ વાચાલાથી ઉત્તર વાચાલા તરફ જતા હતા. ત્યાં જવાના બે માર્ગ હતા. એક ટૂંકો અને બીજો લાંબો ટૂંકો માર્ગ કનખલ નામના આશ્રમમાં થઇને જતો હતો. આશ્રમના ટૂંકા માર્ગમાં વચ્ચે ચંડકૌશિક સર્પ રહેતો, તેથી કોઈ તે રસ્તે જતું નહોતું. પરંતુ સર્વથા નિર્ભય અને અભયના પુરસ્કારક મહાવીરે તો ટૂંકો માર્ગ જ પસંદ કર્યો. તેઓ થોડા આગળ વધ્યા. રસ્તામાં કેટલાક ગોવાળ મળ્યા. તેમણે કહ્યું : "ભગવાન ! આ રસ્તે ન જશો."

"શું આ રસ્તો વાચાલા તરફ નથી જતો ?"

"જાય છે."

"આ રસ્તો શું વાંકોચૂંકો છે ?"

"ના, સીધો છે."

"તો પછી આ રસ્તે મારે કેમ ન જવું ?"

"માર્ગમાં ભય છે."

"શાનો ભય છે ?"

"માર્ગમાં ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ–દૃષ્ટિ નાખતાં જ ઝેરથી મારી નાખે તેવો–સર્પ રહે છે, તેથી આપ પાછા વળો."

શ્રમણ મહાવીર તો અભય અને મૈત્રીના ગુણોને કસોટીએ ચઢાવવા ઇચ્છતા હતા, અને એવો પ્રસંગ તો અનાયાસે હાથ આવી ગયો. ગોવાળિયા વારતા રહ્યા. ભગવાન આગળ વધ્યા. અસ્તવ્યસ્ત, સૂના આશ્રમમાં આવ્યા. થોડા સમયમાં તો ધ્યાનસ્થ થઈ ગયા. એટલામાં પેલો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંડકૌશિક સર્પ આવ્યો. ઘણા વખતે તેણે આ નિર્જન આશ્રમમાં મનુષ્ય જોયો. ક્ષણ વાર તો સ્તબ્ધ થઇ ગયો પણ પછી ચિડાયો. ક્રોધે ભરાઇ ભયંકર ફૂંફાડા મારતાં ભગવાન તરફ ઝેરીલી નજરે જોવા લાગ્યો. પણ મહાવીરસ્વામી ઉપર તેની કંઈ અસર ન થઇ. ચંડકૌશિક ધુંધવાઇ ગયો ક્રોધાંધ થઇને ભગવાન ઉપર હુમલો કર્યો. પૂરી શક્તિથી ડસ્યો. પણ આ શું? આજે દૃષ્ટિવિષ સર્પનું ઝેર આ શ્રમણ ઉપર ચાલતું નથી એ ક્રોધમાં આવીને વારંવાર શરીરના જુદા જુદા ભાગ ઉપર ડસ્યો. છેવટે થાકીને બેઠો. મહાવીરસ્વામીના પ્રેમ નીતરતા મુખ સામે જોઈ રહ્યો. ભગવાને તેના ઉપર શાન્ત, સ્નિગ્ધ, સ્નેહભીની નજર નાંખી. સાપનું ઝેર નીચોવાઇ ગયું. એના શરીરમાં શાંતિ વ્યાપી.

મહાવીરે પ્રેમથી કહ્યું : "ચંડકૌશિક હવે તો સમજ!"

ચંડકૌશિકને પૂર્વભવની સ્મૃતિ થઇ. ક્રોધને કારણે દેવગતિમાંથી આ સર્પયોનિ મળી તેનું જ્ઞાન થયું. તે ભગવાનની પ્રદક્ષિણા કરી શાંત થઇ ગયો. બીજા દિવસે ગોવાળો મહાવીરસ્વામીની શી અવસ્થા થઇ તે જોવા પાછળ પાછળ આવ્યા. એક વૃક્ષ ઉપર ચઢી દૂરથી આ દૃશ્ય જોયું. ચકિત થઇ ગયા. ચારે બાજુ આ સમાચાર ફેલાવી દીધા કે 'હવે કનખલનો આશ્રમ નિર્ભય છે.' સમાચાર સાંભળી હજારો લોકો આશ્રમમાં આવવા માંડ્યા. જોયું તો આશ્રમમાં ભગવાન ધ્યાનમુદ્રામાં ઊભા છે અને દૃષ્ટિવિષ સાપ પ્રશાન્ત મુદ્રામાં પડ્યો છે. કેટલીક ભાવિક સ્ત્રીઓએ સર્પનું પૂજન કરવા તેના શરીરે ઘી ચોપડ્યું. પણ આ પૂજન જ એના મહાદુઃખનું કારણ થઈ પડ્યું. અસંખ્ય કીડીઓ આ ઘી ખાવા ઊમટી, અને સર્પના આખા શરીરે ચટકા ભરવા લાગી. પરંતુ હવે જ્ઞાની થયેલા સર્પે તેને પૂર્વનાં પાપકર્મોનું યોગ્ય ફળ માનીને આ વેદના સહન કરી. મનમાં અહિંસાની ભાવના ધારી. કીડીઓ કચરાઈ ન જાય તે માટે એ હાલ્યા-ચાલ્યા વિના દુઃખ સહન કરીને પડ્યો રહ્યો અને પંદર દિવસે મરણ પામ્યો.

અભય-અહિંસા પ્રવર્તક ભગવાન મહાવીરે અભય, મૈત્રી અને અહિંસાની પ્રતિષ્ઠા કરી; ક્રુરતાનું મૃદુતામાં પરિવર્તન કર્યું; અને જનતાના ભયનું નિવારણ કર્યું. જે સ્વયં સંપૂર્ણ નિર્ભય અને પ્રાણી માત્ર પ્રત્યે અકારણ સ્નેહથી ભર્યો ભર્યો હોય તેવા વીર પુરુષનો જ આવો પ્રભાવ પડે.

ભગવાન મહાવીરે અભય, અહિંસા પોતાના વર્તનથી અને આવા પ્રભાવશાળી તેમ જ હૃદય સોંસરા ઊતરી જાય એવા ઉપદેશથી પ્રવર્તાવ્યો છે. सव्वओ पमत्तस्स भयं । પ્રમાદીને સર્વત્ર ભય છે. सव्वओ अप्पत्तस्स नत्थि भयं । અપ્રમત્ત-સાવધને ક્યાંય ભય નથી.

अप्पणट्ठा परठ्ठा वा कोहा वा जई व भया ।
हिंसगं न मुसं बूया, नो वि अलं वयावणा ।।

પોતાને માટે કે બીજાને માટે ક્રોધથી કે ભયથી હિંસા થાય એવું મિથ્યાવચન અર્થાત અસત્ય વચન પોતે બોલવું નહીં તેમ બીજા પાસે બોલાવવું નહીં.

सव्वेसिमासमाणं हिदयं गब्भो व सव्वसत्थाणं ।
सव्वेसिं वदमुणाणं, पिडो सारो अहिंसा हु ।।

અહિંસા સર્વ આશ્રમોનું હૃદય, સર્વ શાસ્ત્રોનું રહસ્ય અને સર્વ વ્રત તેમ જ ગુણોનો પિંડભૂત સાર છે.

વળી એમણે ઉપદેશ્યું છે :

જ્ઞાનીને માટે સાર હોય તો આટલો જ; કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહીં, કોઇને પીડવુ નહીં न हिंसइ किंचण અહિંસા મૂલક સમતા જ ધર્મ છે આટલું જાણીએ તોય ઘણું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવોનો વધ કરવો તે પોતાનો જ વધ કરવા બરાબર છે. જીવદયા તે પોતાની જ દયા છે. તેથી આત્મહિતૈષી મનુષ્યોએ જીવહિંસાનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો છે.

હે આત્મા! તું જ તારો મિત્ર છે, બહારના મિત્રોને ક્યાં શોધી રહ્યો છે? જેને તું હણવા યોગ્ય માને છે તે તું જ છે. જેને તું વશવર્તી રાખવા માગે છે તે તું જ છે. રાગ-દ્વેષાદિની ઉત્પત્તિનું નામ હિંસા છે, અને રાગ દ્વેષાદિની ઉત્પત્તિ ન થાય તેનું નામ અહિંસા છે. જેમ જગતમાં મેરૂપર્વતથી ઊંચો કોઈ પર્વત નથી, આકાશથી વિશાળ એવું કંઈ નથી તેમ અહિંસા સમાન કોઈ ધર્મ નથી. એટલે તને અભય હો અને તું પણ અભયદાતા બન. આ અનિત્ય જીવલોકમાં તું શા માટે આસક્ત થઈ રહ્યો છે?

卐



## મહાવીર સ્મૃતિ

સિદ્ધારથનો બેટડો, વર્ધમાન પ્યારૂં નામ૦
ત્રિસલા કૂખ દિપાવી, ક્ષત્રીયકુળ તારણહાર૦
મહાજ્ઞાની તપો ધ્યાની, જૈન શાસનના પ્રાણ૦
જ્યોતિરમય જીવન જેનું, ઉગ્યો ઉદય ભાણ૦
પૂનિત ભાવનાવાળા, અંતર ઉજાળનારા૦
જેની સુકોમળ કાયા, નિર્મળ તેની વાણી૦
ધ્યાન મગ્ન ઉભા છે વીર, જંગલની કેડીયે૦
સર્પડંસ દીધો પગમાં, છતાં ધારા વહે પય તણી૦
ચંડ કોશીયો બુઝબુઝ, શબ્દ બોલીને૦
કાને ઠોકયાં ખીલા, રહ્યા કાઉસગ ધ્યાને૦

રચનાર-જયંતીલાલ મોહનલાલ ઝવેરી


જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.




દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ☐ ભાવનગર ☐ ફોન નં. 4525




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંદિર મારૂં, મૂર્તિ વિહોણું !



લેખક-ડૉ. ભાઇલાલ એમ. બાવીશી, પાલીતાણા

શ્રી ચતુર્વિધ સંઘ-સાધુ-સાધ્વીજી મહારાજો અને શ્રાવક-શ્રાવિકાના સમુહ જિન-મંદિરે દર્શનાદિ વિધિ કરી સામો મળ્યો ! પાર્શ્વ ભૂમિકામાં ઉત્તુંગ શિખરી દેવાલય નજરે ચડે છે. સોનેરી કળશ પર ધર્મ-ધ્વજા ફરતી રહી છે. પ્રભાતનું પ્રેરક વાતાવરણ ઉલ્લાસ પ્રેરે છે. સૌના મુખ પર આનંદ છે. દિલમાં ઉમંગ છે. ભક્તિની જાણે ભરતી આવી હોય એવો ઉલ્લસિત સંઘ આવી રહ્યો છે. મને મન થયું આમંત્રવાનું મારે મંદિરીયે....

ને સંકોચ સાથે છતાં અંતરનાં ઉલ્લાસથી વિનંતિ કરી મેં શ્રી ચતુર્વિધ સંઘને, સવિનય જય જિનેન્દ્ર સાથે—

“પૂજ્ય ગુરુદેવો, સાધર્મિકો, પધારશો મારે મંદિરે દર્શને ? ને પાવન કરશો મને ? મંગળમૂર્તિના તો દર્શન કરી પધારો છો, પણ પધારશો મારે મંદિરે જે મૂર્તિ વિહોણું છે ? છતાં મંગળ મૂર્તિનાં દર્શને ઉદ્ભવતી ભાવનાઓ ને ભવ્યતાઓ ત્યાં લાધશે ને પરિણામે સંચિત કર્મોની નિર્જરા થશે, પાપકર્મોના બંધનો તૂટશે અને પૂણ્યાશ્રવનું ભાતું બાંધશો !”

મારે મંદિરીયે પ્રભુની મૂર્તિને અભાવે પણ પ્રભુ અબોધ્યા સિદ્ધાંતો અને આગમોએ આદેશેલ આજ્ઞાઓ તમારા અંતરાત્માને જગાડશે. તીર્થંકરોએ ઉપદેશેલ ‘ત્રિપદી’નો નાદ તમારા કર્ણ-પટોને પાવન કરશે.

નવણના જળ ભલે ન હોય પણ તમારા દિલના મેલ, ઈર્ષ્યા-અસૂયા, ચાડી-ચૂગલી, જૂઠ-ચોરી, વિષય-કષાય, રાગ-દ્વેષ આદિને ધોઈ નાંખશે, આત્મા નિર્મળ બનશે, અરે, વિરતિ ને વૈરાગ્યના શુદ્ધ સ્પર્શે તમે સ્ફટીક શા સ્વચ્છ બની જશો.

ભલે, કેસર-ચંદનની સોનેરી વાટકીઓ નથી ત્યાં, પણ શ્રદ્ધા સમતા ને સાધર્મિક ભક્તિની તમે શિતળતા પામશો અને દાન-દયા ને પરોપકારનાં ભવ્ય રંગે રંગાશો.

હાં, ત્યાં પુષ્પો ને ફુલહાર નથી પણ અંતરની ઉર્મિઓ ત્યાં ઉભરાશે, અને સંઘ, સમાજ ને રાષ્ટ્રની સેવાની સુવાસ પ્રસરશે ! દલિત-ગરીબો-કચડાયેલ-વિસરાયેલ લોકો માટે કંઈક કરી છૂટવાની ભાવનાના પુષ્પો તમારા અંતરને સુવાસિત કરશે !

શું ધૂપ-દીપ નથી દીસતા ? પણ ધ્યાન-યોગ ને એકાગ્રતાની ધુમ્રશિખા તમારા અંતરને સ્પર્શી જશે અને આત્મ-દર્શન કરાવશે. જ્યારે પ્રકાશ ભણી દોરી જશે તમારો આત્મા પુલકિત બનશે !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિધ-વિધ નૈવેદ્યોને ફળોના થાળ નથી દૃષ્ટિગોચર થતાં? પણ ત્યાગ, વૈરાગ્ય ને પ્રવ્રજ્યા સંકલ્પો તમને, તમારા જીવનને પવિત્ર બનાવશે અને મોક્ષનું મહામુલું ફળ તમને પ્રાપ્ત થશે. અરે, રત્નત્રયીનો ભરપૂર ભંડાર તમને લાધશે અને તમારો આતમરામ તૃપ્ત અને સંતુષ્ટ બની જશે!

વિધિ-વિધાનો ને અનુષ્ઠાનોનો અભાવ સાલે છે? અરે, ત્યાં તો ભાવના-વંદનાના અંતર્નાદો ગાજી રહ્યા છે, જે તમારા આત્માને જગાડશે. જયારે ભક્તિના અમીઝરણાં ઝરશે જે અંતરે ઝીલાતા પ્રભુને પામશો.

દર્શનાદિ કરી પાછા ફરતાં ઘંટનાદ નથી સંભળાતો? અરે, જુઓ, તમારૂં અંતર તો ખોળો, પ્રભુના ગુણ-ગાન સ્તુતિ-સ્તવનથી એ ગાજી રહ્યું છે-ગુંજી રહ્યું છે! અતંર્નાદ જાણે વિશ્વને ભરી રહ્યો છે અને સર્વત્ર પ્રભુનો વાસ ભાસી રહ્યો છે!

આવો, પધારો, પચીસમા તીર્થંકર સમા શ્રી સંઘના મહાનુભાવો-મહાવિભૂતિઓ, મારા મંદિરમાં પ્રવેશતા અને પ્રસરતા તમે સાક્ષાત પ્રભુને પામશો, ભગવાનને ભેટશો. ભલે ભૌતિક ઉપકરણો ને ઔપચારિક વિધીઓ નથી અહીં પણ અધ્યાત્મ ને ભક્તિનાં અહીં ઓઘ ઉડે છે અને પરમાત્માની પ્રેરણાનાં પૂર ચડે છે. મારે મંદિરે ભલે મૂર્તિ નથી પણ મૂર્તિપ્રેર્યા આદર્શો ને ભાવનાઓ ઉછળે છે, અંતરાત્મા જાગી ઉઠે છે, સંસારની અસારતા ભાસે છે, ત્યાગની તમન્ના સ્ફુરે છે, સંયમની સરવાણીઓ વહે છે! તપનો તાપ આત્માને ઉજાળે છે અને અહિંસા, અનેકાન્ત ને અપરિગ્રહનો ઓપ આતમરામને પ્રકાશનો પૂંજ બક્ષે છે. આવો, પધારો....! શ્રી ચતુર્વિધ સંઘ મારા મંદિરમાં પ્રવેશ કરે છે....

ત્યાં તો મ્હારી આંખ ઉઘડી ગઇ! સ્વપ્નની દુનિયામાંથી વાસ્તવિક વિશ્વમાં આવી ઉભો. સામે જ દેરાસર નજરે ચડયું ને દર્શન થયા પ્રભુ મહાવીરના; ને આતમરામ પુકારી રહ્યો....

"નિંદ્રાને ખોળે સ્વપ્નાવસ્થામાં મેં આમંત્ર્યો ચતુર્વિધ સંઘને મારે હૃદય-મંદિરે ને અનુભવ કરાવ્યો પ્રભુનાં દર્શને થતાં વર્તનો, પરિવર્તનોનો!"

પ્રભુનાં દર્શને જ-મંગલ મૂર્તિનાં દર્શન-પૂજને ભાવનાઓ પ્રગટે છે અંતરમાં ને ભવ્ય બને છે 'હૃદય-મંદિર'! ભલે એ હોય '**મૂર્તિ વિહોણું**'!

*હૃદય-મંદિર ('મંગલ-મંદિર'ના સ્વ-રચિત કાવ્યને આધારે)

---

**તા. ક.**-'પર્યુષણ પર્વ'ના અનેરા અવસરે દર્શન-પૂજન, વિધિ-વિધાન ને 'મિચ્છામિ દુક્કડમ્' આદિ કરતાં આંતર-ખોજ કરીએ અને સમજણ ને વિવેકપૂર્વક પર્વની આરાધના કરી આત્માને ઓળખીએ! આવા પાવન પર્વની તક ઝડપી જીવનભર જાણ્યે-અજાણ્યે કરેલ દોષાદિનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત કરીએ અને 'ક્ષમા ને મૈત્રી'ના આ પવિત્ર પ્રસંગે જીવન-શુદ્ધિ કરી અધ્યાત્મના પરમ પંથે પ્રયાણ કરીએ એવી ભાવના 'મૂર્તિ વિહોણા મંદિર'માંથી મેળવી જીવનને 'પર્યુષણા' નિમિત્તે ધન્ય બનાવીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાની સાધના

લેખિકા :
**પૂજ્ય સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મહારાજ**

સૃષ્ટિનું સર્જન વિવિધ પ્રકારનું છે. તેમાં માનવનું સર્જન અમૂલ્ય છે. સૃષ્ટિ સર્જનમાં વર્ષાઋતુ અગત્યની છે. વર્ષાઋતુ અષાડ મહિનાના પ્રારંભમાં આવે છે. વર્ષા આવે ત્યારે આકાશની છાયા ઘેરી બની જાય છે. વાદળાંઓનો ગડગડાટ અને વીજળીનો તડતડાટ સૃષ્ટિના પ્રાણીઓને મૂક પ્રેરણા આપે છે કે સૌ પોતપોતાના રક્ષણ માટે તૈયાર રહો. શ્રાવણ મહિનાનાં સરવરિયાં થાય ત્યારે ચોતરફ નદી–સરોવર ભરાઈ–છલકાઈ જાય છે શ્રાવણના શ્રવતા પાણીથી ધરતીમાતા તૃપ્ત બની જાય છે અને જાણે પોતાની ખુશાલી દર્શાવવા લીલી લીલી ચુંદડીને ધારણ કરે છે. શ્રાવણ સરકતાં ભાદરવો આવે છે.

વર્ષના બાર મહિનામાં શ્રાવણ મહિનો અતિ પવિત્ર ગણવામાં આવે છે. શ્રાવણ મહિનામાં જેમ જ્યાં ત્યાં પાણીના ઝરણાં વહેતાં દેખાય છે, તેમ લૌકિક તથા લોકોત્તર પર્વોનાં ઝરણાં પણ એ માસમાં વધારે વહેતાં હોય છે. આ દિવસોમાં માનવી પોતપોતાના ધર્મની વિશેષ આરાધના કરે છે.

લોકોત્તર પર્વોમાં સૌથી શ્રેષ્ઠતમ પર્વ કોઈ પણ હોય તો તે પર્યુષણા પર્વ છે અને તેથી જ એને મહાપર્વ અને પર્વાધિરાજ કહેવામાં આવે છે. આ મહાપર્વ શ્રાવણ મહિનાના અંતમાં અને ભાદરવાના પ્રારંભમાં આવે છે.

પર્યુષણ પર્વ કોને કહેવાય? પર્યુષણ પર્વ એટલે ચોતરફથી કર્મના તાપથી સંતપ્ત થયેલ આત્માને ધર્મની આરાધનાથી તૃપ્ત બનાવવા ધર્મપુરુષાર્થ મન–વચન–કાયાથી આદરવાનો લાખેણો અવસર. આપણે પર્યુષણપર્વની આરાધના કરીએ તેમાં ક્ષમાની સાધના ખાસ કરવાની હોય છે. સંસારના તાપથી પીડાતા ભવ્યાત્માઓને શાંતિ પહોંચાડવા માટે, આ પવિત્ર દિવસોમાં ગુરુ ભગવંતના મુખારવિંદમાંથી ઉપદેશામૃતની વર્ષા થાય છે, એથી હૃદયરૂપી ધરતી તૃપ્તિ પામે છે, જીવનનો બગીચો લીલોછમ બને છે અને શુષ્ક જીવન નવપલ્લવિત બને છે. પર્યુષણપર્વમાં ધર્મની આરાધનાથી પાપનો તાપ દૂર થાય છે.

પર્યુષણ પર્વની આરાધનાના આઠ દિવસો છે. અનાદિ કાળથી રઝળતા આત્માએ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં અનેક કુકર્મો કર્યાં હોય છે, તે કુકર્મોને દૂર કરવા માટે જ્ઞાનીઓએ આપણને ઘણા માર્ગો બતાવ્યા છે. ધર્મ વિનાનું જીવન તે જીવન નથી, કિન્તુ વન છે. જો ધર્મ ન કરીએ તો વનમાં અને આપણા જીવનમાં કોઈ તફાવત રહે નહીં. માનવ જીવન મળ્યું, ધર્મની સામગ્રી મળી, છતાં એની રુચિ થવી મુશ્કેલ છે, કદાચ પુણ્યના યોગે રૂચિ થઇ તો આચરણ થવું મુશ્કેલ છે.

જ્ઞાનીઓ કહે છે કે, ધર્મની આરાધના નિરંતર કરવી જોઇએ. નિરંતર કરનાર આત્માઓ ઉત્તમ છે. નિરંતર ન બને તો ચોમાસાના ચાર મહિના આરાધના કરો તો મધ્યમ છે, ચાર મહિના ન થાય તો જઘન્ય પર્યુષણ પર્વના આઠ દિવસો તો જરૂરથી આરાધના કરો. કર્મના તાપથી સંતપ્ત થયેલા આત્માને અમૃતનું સીંચન કરો.

માનવ કોને કહેવાય? માનને વમે-દૂર કરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે માનવ કહેવાય. માનવમાં માન કષાયનો ઉદય હોય છે. માન કષાયના ઉદયથી નમ્રતા ગુણનો નાશ થાય છે અને માનવી અધઃપતનના માર્ગે ફેંકાઈ જાય છે. જે માનવી માનનું કારણ ઉપસ્થિત થયે છતે નમ્રતા ગુણમાં સ્થિર બને છે, તે આત્મા આત્મકલ્યાણના પથનો પથિક બની પોતાનું કલ્યાણ સાધી જાય છે, અને અંતે મુક્તપંખીની જેમ મોક્ષમાં મહાલે છે.

તુરમણિ નામની નગરી હતી. તે નગરમાં પરાક્રમી કુંભરાજા રાજ્ય કરતો હતો. કુંભરાજાને લલિતાંગ નામનો ગુણવાન પુત્ર હતો. શરીરની કાંતિ, કમનીયતા, મનોહરતા, લાવણ્યથી જાણે એ સાક્ષાત્ પૂર્ણિમાનો ચંદ્ર જ ન હોય એવો શોભતો. કુમારની બાલ્યાવસ્થામાં જ માતપિતા વડે વ્યાવહારિક તેમજ ધાર્મિક સંસ્કારોનું બીજ રોપાયું હતું. એક દિવસ તે નગરમાં મહાન જ્ઞાની, ધ્યાની, ત્યાગી, તપસ્વી ગુરુભગવંત સપરિવાર પધાર્યા. ગુરુભગવંતની મુખાકૃતિ પ્રશાંત અને ગંભીર હતી. એમનામાં જનમ જનમના તાપ શમાવવાની શક્તિ હતી. आकृतिर्गुणानकथयति ।

લલિતાંગકુમાર માતપિતાની સાથે ગુરુભગવંતને વંદન કરવા માટે જાય છે. ત્યાં ગુરુ મહારાજના મુખથી ધર્મદેશનાને શ્રવણ કરી તેનો સુષુપ્ત આત્મા જાગી ઊઠે છે, અને તે માતપિતાની પાસે સંયમની અનુમતિ માંગે છે. માતપિતા તેને ચારિત્ર પંથની વિષમતા સમજાવે છે. પરંતુ જેમ ધનના અર્થી જીવોને શીતપણું, ઉષ્ણપણું કાંઈ પણ દુસ્સહ લાગતું નથી, તેમ સંસારથી ઉદ્વિગ્ન થયેલા આત્માર્થી જીવોને કાંઈ પણ દુસ્સહ નથી લાગતું. એટલે મનને મક્કમ રાખી એ ચારિત્રનો સ્વીકાર કરે છે અને ગુરુભગવંત સાથે દેશ-વિદેશમાં વિહાર કરતાં વિચરે છે.

પરંતુ કર્મસત્તા બળવાન હોય છે; કર્મરાજા આત્માઓને નિર્બળ બનાવી દે છે. લલિતાંગ મુનિને ક્ષુધાવેદનીયનો ઉદય થયો. ક્ષુધા વેદનીય કર્મ તે અશાતાવેદનીય કર્મનો જ એક વિભાગ છે. ઘણીવાર પુરુષાર્થ બળવાન હોય છે, તો ઘણીવાર પ્રારબ્ધ બળવાન બની જાય છે. લલિતાંગ મુનિ ક્ષુધાવેદનીય પરિષહને સહન કરવામાં પુરુષાર્થ તો કરે છે, પરંતુ એને સહી શકતા નથી.

ગીતાર્થ ગુરુભગવંત આજ્ઞા આપે છે કે, હે લલિતાંગ મુનિ! સંયમની સાધના માટે ક્ષુધાવેદનીય ઉપશમાવવા માટે, બેંતાલીશ દોષથી રહિત એવી શુદ્ધ ગોચરીની ગવેષણા કરો. ગુરુ મહારાજની આજ્ઞા લઈ લલિતાંગ મુનિ ભિક્ષા લેવા જાય છે. હંમેશાં ગોચરી લેવા ફરતાં લલિતાંગ મુનિને લોકો કુરગડુ મુનિ તરીકે ઓળખવા લાગ્યા.

કુરગડુ મુનિ ક્ષુધાવેદનીયના કારણે બાહ્ય તપ કરી શકતા નથી. પરંતુ રસત્યાગ વગેરે જરૂરથી કરતા હતા; અને હંમેશાં એવી ભાવના પણ ભાવતાં કે મારામાં પણ બાહ્ય તપ તથા અભ્યંતર તપ કરવાની શક્તિ ક્યારે પ્રાપ્ત થશે! भावना भवनाशिनी -ભાવના તો ભવનો નાશ કરવાવાળી છે.

પર્યુષણ મહાપર્વના મહામંગલકારી દિવસો આવ્યા. સૌ પોતપોતાની શક્તિ અનુસાર માસક્ષમણ, પાસખમણ વગેરે તપની આરાધના કરે છે. ચાર મુનિઓએ માસક્ષપણની ઉત્કૃષ્ટ આરાધના કરી છે. આવા પવિત્ર દિવસેમાં પણ કુરગડુ મુનિ તપધર્મની આરાધના કરી શકતા નથી. ગુરુમહારાજની આજ્ઞા લઈ આહાર લેવા જાય છે, અને આહાર લાવીને ગુરુભગવંતને બતાવી આલોચના કરે છે. સાધુ-સાધ્વીનો આચાર છે કે, ગોચરી-પાણી લાવે તો ગુરુમહારાજને દેખાડયા વિના વાપરે નહિ. આ કુરગડુ મુનિ માસક્ષમણ કરનાર ચારે તપસ્વી મુનિઓને પણ પોતાની ગોચરી બતાવે છે. તે અવસરે તપસ્વી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહે કે, "હે પાપી! આજે પણ તારાથી કાંઈ તપ થતું નથી! આજે પર્યુષણનો મહા મંગલકારી દિવસ છે, તો પણ તને કાંઈ લાજ આવતી નથી! આજે પણ તારાથી ખાધા વિના રહેવાતું નથી! ધિક્કાર છે તારા જીવતરને!

આવાં આવાં કડવાં વેણો સંભળાવીને એ મુનિઓ કુરગડુ મુનિની ગોચરીમાં થૂંકે છે! ખરેખર, કર્મની વિચિત્રતા કેવા પ્રકારની છે! આટલા મોટા તપસ્વી મુનિઓ પણ બીજાની નિંદા કર્યા વિના રહી શકતા નથી. પ્રાયે કરીને જીવને અનાદિકાળના સંસ્કાર હોય છે, કે જેથી જીવો પોતે જે કાંઈ તપ, જપ, ક્રિયા કરે તો બીજાની નિંદા કર્યા વિના રહી શકતા નથી. પણ એમ કરીને તેઓ પોતાના સુકૃત ઉપર પાણી ફેરવી નાંખે છે.

કુરગડુ મુનિ ખાવામાં અતિ આસક્ત હોવા છતાં સમતાના દરિયા હતા. એમના અંતરમાં જ્ઞાનની પરિણતિ જાગી ઊઠી હતી. મુનિએ વિચાર્યું કે, ખરેખર, હું પાપી છું, ખાઉધરો છું, પુદ્ગલથી પુદ્ગલને પોષું છું! આ તપસ્વી મુનિઓ મારા પરમોપકારી છે. મારો આહાર રુક્ષ (લૂખો) જાણીને એમણે તો તેમાં આ ઘી નાખ્યું છે. આ તપસ્વીઓને ધન્ય છે કે જે તપ કરીને નિકાચિત કર્મોની બેડીને તોડે છે. મારામાં આવું તપ કરવાની શક્તિ ક્યારે આવશે? મારો વીર્યાંતરાય ક્યારે તૂટશે? આમ ગુણાનુરાગી બની પોતાના આત્માની નિંદા કરતાં કરતાં તેઓ આહાર કરે છે. આહાર કરતાં કરતાં તેઓ ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થાય છે અને ટૂંકા વખતમાં જ ઘાતી કર્મના ચૂરેચૂરા કરી નાખી પોતાના આત્મામાં કેવલજ્ઞાન, કેવલદર્શનની ઝળહળતી જ્યોત પ્રગટાવે છે.

મુનિના કેવળજ્ઞાનનો મહિમા કરવા આકાશમાં દેવ દુંદુભિ વાગી. બધા આકાશ તરફ મીટ માંડીને જોવા લાગ્યા. આ અવસરે શાસનદેવી આવીને તપસ્વીઓને પૂછે છે કે, કુરગડુ મુનિ ક્યાં છે? ત્યારે તેઓ તિરસ્કારથી બોલ્યા કે, જા, જા, એ તો પેલા ખૂણામાં બેસીને ખાધા કરે છે! શાસનદેવી ત્યાં જાય છે અને એમને વંદન કરે છે. બધાને એમ થાય છે કે, તપસ્વીઓ અહીં બિરાજે છે, તેને છોડીને શાસનદેવી ક્યાં જાય છે? કુરગડુ મુનિ તો ખાઉધરો છે! તપસ્વીઓ તો અહીં બિરાજે છે! તે વખતે શાસનદેવીએ કહ્યું કે, હે તપસ્વીઓ! કુરગડુએ બાહ્યથી આહાર લીધો, વાપર્યો, પરંતુ તેની સાથે આભ્યંતર તપને પણ પોષણ આપ્યું.

આજે આપણે ત્યાં આભ્યંતર તપ કરતાં બાહ્ય તપનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. કુરગડુ મુનિએ પોતાના કર્મરૂપ ઈંધનને પશ્ચાત્તાપના અગ્નિ વડે ભસ્મીભૂત કરી દીધા, એટલે એમના આત્મામાં કેવળજ્ઞાનનો દીવડો પ્રગટ થયો અને શાસનદેવીની વાત સાંભળીને ક્ષપકો કુરગડુ મુનિ પાસે આવે છે, અને કેવળીને ખમાવે છે. ખરેખર, ક્ષમા મહાન ધર્મ છે.

જીવનમાં કોઈ પણ પ્રશસ્ત અનુષ્ઠાન કરીએ ત્યારે નિરાભિમાનતા કેળવવી જોઈએ. જે જીવનમાં ક્ષમાધર્મને પોષે છે, તે સિદ્ધિના શિખરે પહોંચે છે.

બાહ્ય તપ પણ તેવા પ્રકારનું હોવું જોઈએ કે જે આભ્યંતર તપને પોષવાવાળું હોય. કર્મના બંધ વખતે હૃદય કોમળ રાખવું જોઈએ અને કર્મના વિપાકને ભોગવતી વખતે હૃદય કઠોર બનાવવું જોઈએ, કાયર ન બનવું જોઈએ.

તપના ભૂષણસમી ક્ષમાને સ્વીકારી, તપના દૂષણરૂપ ક્રોધને દૂર કરવો તે જ ખરેખર આ મહા પર્વની આરાધના છે. એ જ આરાધનાથી આત્મા નિર્મળ અને ઉજ્જવળ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિ.
# ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો

- ☐ ટેરીવીસ્કોસ શર્ટીંગ
- ☐ ટેરીવીસ્કોસ સાડી
- ☐ ટાફેટા
- ☐ બ્રોકેડઝ
- ☐ ગોલ્ડસીલ્વર
- ☐ સાટીન પ્યાસ
- ☐ પરમેટો
- ☐ એસેટેડ સાટીન ફ્લાવર વગેરે

**માસ્ટર ફેબ્રીકસ વાપરો**
**તે વાપરવામાં ટકાઉ છે.**

માસ્ટર મીલની ઉપરની બધી જાતો માસ્ટર મીલની રીટેઇલ શોપમાંથી મળશે.

સ્થળ : માસ્ટર મીલ પાસે — માસ્ટર મીલ રીટેઇલ શોપ

: મેનેજીંગ ડીરેકટર :

**રમણીકલાલ ભોગીલાલ શાહ**

તાર : MASTERMILL — ફોન : ૩૨૪૩




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ ક્યાં છે?

લે. મુનિશ્રી જ્ઞાનસાગરજી મહારાજ

જગતનો માનવ સુખી થવા માટે દિવસ અને રાત મહેનત કરે છે, ભૂખ અને તરસ સહન કરે છે, પરંતુ આજે કોઇ પણ માનવને સુખની તૃપ્તિ દેખાતી નથી, તેનું શું કારણ હશે?

લાંબો સમય ડૉકટરની દવા કરવા છતાં દરદ ન મટે ત્યારે વિચારીએ છીએ કે કાં તો નિદાન બરાબર નથી, કાં તો દવા બરાબર નથી, અથવા ચરી બરાબર પાળી નથી. તેવી રીતે સુખ હજી પ્રાપ્ત ન થયું; તેમાં સુખની સ્પષ્ટ વ્યાખ્યા સમજાઇ નથી, સુખ ક્યાં મળશે તે સ્થાન જાણ્યુ નથી.

આખું જગત આજે ભૌતિક સાધનોમાં સુખ માને છે. ભૌતિક સુખો ઇચ્છાઓને તૃપ્ત કરવાથી થાય છે, ઇચ્છાઓનો એવો સ્વભાવ છે કે એક ઈચ્છા પુરી ન થઈ તે પહેલાં બીજી શરૂ થાય છે, તે પુરી થાય તે પહેલાં ત્રીજી મોટી ઇચ્છા શરૂ થઈ જાય છે. જ્યાં સુધી તે ઇચ્છા પુરી ન થાય ત્યાં સુધી માણસ બેચેન રહે છે.

આશાને લીધે આદમી ભટકે છે. આશા એટલે? આ વાતની સંભાવના અને આશ્વાસન છે કે આવતી કાલે સુખ મળશે તે સુખ કાલે મળ્યું પરંતુ આશ્ચર્યની વાત છે કે તે પછી તુરત જ દુઃખ શરૂ થાય છે. જે મળ્યું તેનું મૂલ્ય હવે નથી. કેટકેટલા સ્વપ્નો રચ્યા હતા તે વસ્તુ મેળવવા માટે? ફરી તે વસ્તુ મળતાં જાણે કશું જ મેળવ્યું નથી તેવું અનુભવે છે.

પોતાના કરતાં અધિક ધનવાનને જોઇને–તેના જેવી મોટર–બંગલો અને વૈભવ મળે તો સુખી થાઉં! તે જ્યારે ભાગ્ય યોગે મળી જાય ત્યારે હવે તૃપ્તિનો આનંદ થવાને બદલે, નવી મોટી ઈચ્છા શરૂ થાય છે.

આ પ્રમાણે આશામાં જે આનંદ હતો તે હવે તેની તૃપ્તિમાં નથી. ફરી નવી આશા, નવી દોટ, અને તેની ચિંતા ચાલુ થાય છે. જીવનના અંત સુધી આશાઓ પુરી થતી નથી, તો ભૂલ ક્યાં થઇ?

ભૌતિક સાધનો–દેહને સુખ આપી શકે છે, મનને આનંદ આપી શકે છે, પરંતુ તે આત્માની માલીકીના નથી. પુણ્યથી ઉછીના લીધેલા છે, જો આત્માના હોય તો આત્માની સાથે પરભવમાં જવા જોઇએ. વાસ્તવીક રીતે સુખનો ભોગવટો કરનાર આત્મા છે, સુખ–દુઃખનું જ્ઞાન પ્રાપ્ત કરનાર આત્મા છે. છતાં આપણે પ્રયત્નો શરીર અને મનના સુખ માટે જ કરીએ છીએ કે જે આત્માના નથી. પરભવમાં જતાં આત્મા સાથે એમાંનું કાંઇજ આવતું નથી. પરિણામે તે પદાર્થો છોડતી વખતે આત્મા વેદના અનુભવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સીકંદરને જ્યારે ડાયોજનીજે પૂછ્યું "માનો કે તમારી ઈચ્છા મુજબ આખી પૃથ્વી તમોને મળી ગઈ, પછી તમે શું કરવા માગો છે ?" સીકંદરે એ વાત ઉપર વિચાર કર્યો. આખરે ઉદાસ થઈને બોલ્યો : "તું જ કહે, પછી હું શું કરૂં ? પછીનો કોઈ ખ્યાલ મને નથી." જગતના ભૌતિક સુખોની પાછળ પડીને અંત સમયે સીકંદરે પોતાનો પશ્ચાતાપ જાહેર કર્યો– "અબજોની મીલકત છે છતાં પણ એ સીકંદર ના બચ્ચો."

સુખનો ભોગવટો કરનાર જો આત્મા જ છે, તો આત્માની સાથે પરભવમાં ન જાય તેને પોતાનું સુખ કેમ મનાય ? અનેક લોકોને સ્મશાનમાં બાળી આવ્યા, અને સાથે કાંઈ ન લઈ ગયા તે નજરે જોવા છતાં, ઘેર આવીને માણસ એ જ પ્રવૃત્તિ દીન રાત કરે છે, કે જે છોડીને જવાનું છે !

**પ્રશ્ન એ થાય છે કે તો પછી સુખ કહેવું કોને ?**

જ્ઞાની ભગવંતોએ ભૌતિક સાધનોમાં સુખ નથી જોયું. સુખની સાચી વ્યાખ્યા–मनसः निवृत्ति सौख्यम् । મનની શાંત અવસ્થા એ જ સુખ છે, ચિત્તની પ્રસન્નતા એ જ સાચું સુખ કહ્યું છે. બહારના પદાર્થોમાં સુખ શોધશું તે કદી મળશે નહિ. રાજગૃહીમાં પુણીયા શ્રાવકને સાડાબાર દોકડાની કમાણી છતાં ચિત્તની પ્રસન્નતાથી જે સુખનો અનુભવ થતો હતો તેવો કરોડપતિ શ્રીમંતોને નહોતો.

થોડા વર્ષો પહેલાં મુંબઈનો બનેલો કીસ્સો આ વાતને સાબીત કરે છે. ૮૦ લાખ રૂપીયાનો માલીક, કાળા બજારમાં પકડાયો. કેસ ચાલ્યો. વકીલો બેરીસ્ટરો રોકીને ત્રણ લાખ રૂા. ખર્ચ કર્યો, છતાં વર્ષ દિવસની જેલ મળી. જે દિવસે જેલમાં લઈ જવા માટે–યરોડા જેલની મોટર તેને ૧૧ વાગે લેવા આવવાની છે તે દિવસે સાડા દસ વાગે તેની પત્ની તેને હંમેશનું પ્રિય ભોજન ખાસ ભાવતી મીઠાઈ કરીને પીરસી રહી છે. છોકરાઓને શાંત કરવા માટે તેમણે કહ્યું "બધા શાંત બેસી જાવ, હમણાં ૧૧ વાગે યરોડા જેલની ગાડી લેવા આવશે." આ શબ્દો શેઠે જમતાં જમતાં સાંભળ્યા-અને વિચારો આવ્યા કે મારે અડધા કલાક પછી જેલમાં જવુ પડશે ? નીચે જેલની ગાડી ઉભી હશે ? પોલીસ મારી આગળ અને પાછળ ચાલતી હશે ? હું નીચે બજારમાં પસાર થતો હોઈશ ત્યારે લોકો મારી સામે આંગળી ચીંધતા હશે, જો આ શેઠ જેલમાં જાય છે ! હું ઉંચુ મોઢું નહિ કરી શકું ! જેલમાંથી આવીને પણ અહિંયા ચાલતા મને કેવી શરમ આવશે ? ખરેખર મારૂં જીવન ધૂળધાણી થઈ ગયું ! આખરે મારે જેલમાં જવું પડયુ !—આ વેદનામાં શેઠની આંખમાંથી દડ–દડ આંસુ ટપકી રહ્યા છે ! હાથમાં લીધેલો કોળીયો હાથમાં રહી ગયો, વેદનાના દુઃખમાં ખાવાનું ભૂલી ગયો. તેમની પત્ની ફરી પીરસવા આવી અને શેઠની આંખમાં આંસુ ટપકતા જોયા, શેઠની વેદના સમજી ! પતિને રડતાં જોઈને-તેનું હૈયું ભરાઈ આવ્યું ! બાજુની રૂમમાં જઈને તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી, તેનો રડવાનો અવાજ સાંભળી શેઠ રડવા લાગ્યા. બંનેને રડતાં જોઈને બાળકો રડવા લાગ્યા, આખા ઘરમાં દરેક રડી રહ્યા છે, અને એટલું કરૂણ દશ્ય થયું કે બહારનો આવનાર પણ તે જોઈને રડી પડે.

વિચાર કરો કે–શેઠને આ વેદના થઈ રહી છે ત્યારે તેની પાસે શેની કમીના છે ? પાસે એક કરોડની મિલકત છે. એરકંડીશન રૂમમાં બેઠો છે, પ્રેમાળ પત્નિ–મીઠાઈ પીરસી રહી છે, બાજુમાં રેડીઓ વાગી રહ્યો છે, ઘરની બહાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોટી મોટરગાડી ઉભી રહી છે, છતાં તે માને છે કે નરકની વેદના હું અનુભવી રહ્યો છું. આ બધા સાધનો હોવા છતાં તેને સુખ નથી; કારણ તેના મનને શાંતિ નથી-ચિત્તની પ્રસન્નતા નથી તેથી નક્કી થાય છે કે સુખ ચિત્તની શાંતિમાં જ છે

## ચિત્તની પ્રસન્નતા કેમ આવે ?

ચિત્તની પ્રસન્નતા-મનની શાંતિ એ સંતોષથી પ્રાપ્ત થાય છે. ઉદયકાળે જે વખતે જે મળે તેમાં સંતોષ માનવો-પ્રમાણીક જીવન જીવવું. જીવનની જરૂરીઆતો અલ્પ રાખવી, ગ્રહસ્થની સાચી જરૂરીઆત-ઉના ઘીથી ચોપડેલી રોટલી મળે, અને પહેરવા ફાટયા વગરના વસ્ત્રો મળે-આથી વિશેષ ખરેખરી જરૂરીઆત નથી આજે બીનજરૂરી ખર્ચ ઘણો કરીએ છીએ તેને પહોંચી વળવા વેપાર અને કારખાનાઓ વધારવા પડે છે. તે વહીવટ સંભાળવો, પૈસા મેળવવા, પછી ઈન્કમટેક્ષની મુંઝવણ, સેલટેક્ષની મુંઝવણ, માણસોનો અસંતોષ, આ બધા કારણોથી મનની શાંતિ જળવાતી નથી મનની શાંતિ જાળવવા માટે સંતોષવૃત્તિ, અલ્પ આરંભ-સમારંભ અને ન્યાયપૂર્વક જે મળે તેમાં સંતોષ રાખવો. છેલ્લો પ્રશ્ન રહે છે કે:-

## સંતોષ પ્રાપ્ત કેમ કરવો :

સંતોષ બહારથી મેળવવાની વસ્તુ નથી બજારમાં વેચાતો મળતો નથી. સંતોષ એ આત્માનો પોતાનો જ ગુણ છે. લોભ મોહનીય કષાયે અત્યાર સુધી દબાવ્યો છે. લોભ મોહનીય એટલે, "જે મારૂં નથી તેમાં મારાપણાનો ભાવ કરાવે, દારૂ પીધેલો માણસ ભાનભૂલો બને. તેવી રીતે લોભ-મોહનીય માણસને ભાન ભુલાવે છે; જેમ જેમ લોભ મોહનીય ઓછો થાય તેમ સંતોષ ગુણ પોતાની અંદર પ્રગટ થાય છે." સંતોષનું સુખ જેને પ્રાપ્ત થાય તે દુનિયાના શહેનશાહ કરતાં વધારે આત્મિક સુખ અનુભવે છે.


થોડા વર્ષો પહેલાં મહેસાણામાં શેઠ વેણીચંદ સુરચંદ થઈ ગયા. એક મહીનો મુંબઇ રહે, દલાલી કરીને વર્ષ દિવસનો ખર્ચ મળી જાય એટલે તુરત મહેસાણા જાય અને ધર્મ-આરાધના કરે. એક વખત મીલના યુરોપીઅન મેનેજર કહે તમે એક બે વર્ષ અહીં રહો. તમોને એક લાખ રૂપીયા કમાવી દઉં. પછી તેના વ્યાજમાં તમારી આજીવીકા ચાલે, દર વર્ષે મુંબઈ આવવું ન પડે. વેણીચંદભાઈએ જવાબ આપ્યો, "સાહેબ, આપની લાગણી બદલ આભાર માનું છું. પરંતુ મારા મહાવીર પ્રભુએ ના કહી છે, કે તારો પરિગ્રહ વધારીશ નહિ મને મારા ભાગ્ય ઉપર ભરોસો છે. દર વર્ષે ખર્ચ જેટલું મને મળી રહે છે. એક લાખ રૂા. મળ્યા પછી તેને સાચવવા અને વ્યાજ ઉપજાવવા માટે મારા મનમાં અનેક સંકલ્પો ઊઠે, મારા મનની શાંતિ ન રહે. અત્યારે અગીઆર મહીના હું સુખશાંતિથી આરાધના કરી શકુ છું તે અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહનું પરિણામ છે."

આપણે જોઇ શકીએ છીએ કે તેઓ તેમના જીવનકાળ દરમ્યાન સુંદર આરાધના અને શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાની સ્થાપના કરી શકયા. આપણે પણ સુખ મેળવવા માટે મનની શાંતિને પ્રાપ્ત કરીયે. મનની શાંત સંતોષથી પ્રાપ્ત થશે. સંતોષ આપણો અંતરનો ગુણ છે. સુખ સંતોષથી જ પ્રાપ્ત થશે. સહુ કોઇ આ સંતોષ કેળવીને સુખ પ્રાપ્ત કરો એ જ શુભ ભાવના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Climb just 7 steps now to a lifetime of HAPPY RETURNS!

Union Bank's

LIFE-LONG INCOME Scheme

—your Jeevan Saathi: pays you a monthly sum for life!

Rush to your nearest branch for details

PIN CODE FOR FAST MAIL

*A Small Family is a Happy Family*

*We Help You Help Yourself*

UNION BANK OF INDIA

(A Government of India Undertaking)

Interpub/UBI/17/76

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વનો દિવ્ય સંદેશ



—આચાર્ય પદ્મસાગરસૂરિશ્વરજી મહારાજ

મહા પર્વાધિરાજ પર્યુષણપર્વનું આગમન આપણને સુંદર પ્રેરણા અર્પે છે. આ પર્વની આરાધનાથી જીવનની અશુદ્ધિઓ શુદ્ધ થાય છે: ઉપાસના માટેનું અપૂર્વ પર્વ તે પર્યુષણ પર્વ છે, તે એક મહાન સાધન છે. પરમાત્મા મહાવીરનું મહા મંગલકારી જીવન-દર્શન અને અને તેનું શ્રવણ આપણા માટે ઉન્નત સાધના-રૂપ બની રહે છે.

પર્યુષણપર્વની આરાધના દ્વારા વ્યક્તિ પરમાત્મદશા પ્રતિ ગતિનો પ્રારંભ કરે છે, સુષુપ્ત મૂર્છિત ચેતના જાગ્રત બની સ્વને સર્વમાં જોવાની દૃષ્ટિ પ્રાપ્ત કરે છે.

જૈન શાસનની આરાધના તે સ્વીકારની સાધના છે.

સમર્પણની ભૂમિકામાં સ્વીકારની સાધના જો આવી જાય તો 'મિચ્છામિ દુક્કડ'નો મંત્ર સિદ્ધ થયેલ ગણાય. પરમાત્મા પ્રત્યે થયેલ સમર્પણ આત્માના ગુણોનું સુંદર સર્જન કરે છે. તે સમર્પણમાં પ્રચંડ શક્તિ છે, તેમાંથી આત્માને આત્મવિશ્વાસપૂર્વક પ્રચંડ બળ મળે છે. સમર્પિત થયા પછી આત્મા ચિંતામુક્ત બને છે, અને તે ભારમુક્ત અવસ્થા સાધનામાં ખૂબ સહાયક બને છે.

સમર્પણ વગરની સાધના કદાપિ ફળતી નથી.

પહેલાં સમર્પણ અને પછી સ્વીકાર પ્રાપ્ત થાય તો જીવન ધન્ય બની જાય.

આમ સાધનાનાં બે અંગો છે: સમર્પણ અને સ્વીકાર.

પ્રતિકારથી સંઘર્ષ વધે છે, ને સંઘર્ષથી સંસારનું સર્જન થાય છે, ને તેમાં વૃદ્ધિ થતી રહે છે. સ્વીકારથી આત્માના ગુણોનું સર્જન થાય છે; ને સ્વકર્મની નિર્જરા થાય છે, અને આત્મા અંતર્મુખ બની પ્રવૃત્તિની પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

લુહારની કોઢમાં જોઈએ તો ત્યાં એરણ પર હથોડાના ઘા પડતા જોવામાં આવે છે. પ્રહાર કરનાર હથોડા તૂટી જાય છે, જ્યારે સ્વીકાર કરનાર, સહન કરનાર એરણ મજબૂત બને છે. તેમ સાધનામાં આત્મા જો સ્વીકાર કરે તો તે દૃઢ ને મજબુત બને છે, ને પરંપરાએ સિદ્ધ થવાને યોગ્ય બને છે.

પ્રતિકાર કરનાર Restless બને છે, ને તૂટી ફૂટી જાય છે. "મિચ્છામિ દુક્કડં" દ્વારા સ્વીકારની સાધનામાં આપણે અપૂર્ણમાંથી પૂર્ણ બની જઈએ, પોતાના અપરાધનો સ્વીકાર કરી, પરમાત્મા પ્રત્યે સમર્પિત થઈ જઈએ, તો પર્યુષણ પર્વની સાધના–આરાધના સફળ ને સિદ્ધ થયેલ ગણાશે.

સાધનાના બે પરમ તત્ત્વો–સમર્પણ અને સ્વીકાર. તેથી પરમાત્માના કલ્પસૂત્ર શ્રવણ તથા પર્વની આરાધનામાં અહિંસા, તપ, સંયમ સફળ થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરાધનાના બે પાયામાં સ્વીકાર તે એરણ સમાન છે. જ્યારે સમર્પણ ગંગાના નીર સમાન છે. ગટરનું ગંદું પાણી ગંગાના નીરમાં ભળે છે, ત્યારે તે ગંગાજળ સમાન બની જાય છે. પાપી આત્મા પરમાત્માના શરણે જાય છે, ત્યારે તે પરમાત્મા બને છે. જીવન કષાયથી, પાપથી ભરેલ વિકૃતિ હોય તે સમર્પણથી સંસ્કૃતિ બની જાય છે, આત્મા સર્વ રોગથી મુક્ત-વિમુક્ત બની જાય છે. મેડીકલ સાયન્સમાં જોઇએ તો જે ભારથી ટેન્સનથી ભરેલ છે, તે અનેક વિધ વ્યાધિ-હાર્ટએટેક, એસીડીટી વગેરેથી હેરાન થાય છે. જ્યાં કષાય ત્યાં Tension કષાય મુક્ત બનવા માટે સમર્પણ એ રામબાણ ઉપાય છે. 'મિચ્છામિ દુક્કડં' ભાવરોગથી મુક્ત કરનાર દવા છે. સદાચાર તેનું પથ્ય છે. સંસારના દરેક પ્રકારના રોગમાંથી મુક્તિ મેળવવા સમર્પણ, સ્વીકાર સાથે મિચ્છામિ દુક્કડંને આત્મસાત્ કરો.

# શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ-પાલીતાણા

## [હેડ ઓફીસ-અમદાવાદ : શાખા-પાલીતાણા]

શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ-અમદાવાદની શાખા, પાલીતાણા ખાતે શ્રી સિદ્ધક્ષેત્ર તિર્થાધીરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં બિરાજમાન પૂ. સાધુ સાધ્વીજી મહારાજોને જરૂરી સગવડોની સુવિધાઓ કરી આપી. સેવા ભક્તિનો લાભ લઇ રહેલ છે પાંચ વરસથી "શ્રી શ્રમણ વૈયાવચ્ચ"નું ઉપરનું કામકાજ વ્યવસ્થિત ચાલુ છે, જેમાં દવા વગેરે દરેક પ્રકારની સુવિધા આપવામાં આવે છે. હાલમાં માસિક ત્રણ હજાર રૂપિયાનો ખર્ચ આવે છે.

સર્વે સાધર્મિક ભાઈ-બહેનોને પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોની યોગ્ય રીતે, વ્યવસ્થિત અને સમયસર વૈયાવચ્ચ દ્વારા સેવા ભક્તિનો લાભ મળે એ માટે આ સંસ્થાને યોગ્ય સહકાર આપવા વિનંતી કરીએ છીએ. સહાય માટે મળેલી રકમની સત્તાવાર પહોંચ પાવતી આપવામાં આવે છે.

જરૂરી સલાહ સૂચનો માટે સંસ્થાની ઓફીસની મુલાકાત લેવા અથવા પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

લિ. સેવકો

હેડ ઓફીસ :
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ
સચાલક :
લાલભાઇ એલ. પરીખ
પરીખ બિલ્ડીંગ, એલીસબ્રીજ,
અમદાવાદ-૬

શાખા :
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ
મગન મોદીની ધર્મશાળા
પાલીતાણા (સૌ.) ૩૬૪૨૭૦

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી
પ્રમુખ
સોમચંદ ડી. શાહ
મંત્રી
પં. કપુરચંદ આર. વારૈયા
સહમંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે યોજાઈ ગયેલ તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારંભ

શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે તા ૭-૮-૭૭ને રવીવારના મુંબઇના અગ્રગણ્ય સમાજસેવક શ્રી જગજીવનદાસ પોપટલાલ શાહના પ્રમુખસ્થાને અને શ્રી વિનયચંદ ખીમચંદ શાહ કોળીઆકવાળાના અતિથીવિશેષપદે જૈન સમાજના ૨૫૦ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થી ભાઇ બહેનોને સન્માનવાનો અને પારીતોષીક અર્પણ કરવાનો એક ભવ્ય સમારંભ સમાજની વિશાળ હાજરીમાં શહેર ટાઉનહોલમાં યોજાઇ ગયો.

નવકાર મંત્રના મહામંગળકારી રેકર્ડગાનથી સમારંભનો માંગલીક પ્રારંભ થયો હતો.

ત્યાર બાદ પ્રાર્થના ગીત કુ. જાગૃતિ કામદાર, કુ. રેખા શાહ, કુ. દેવસ્મીતા ઓઝાએ રજુ કરેલ. આ ત્રણેય બહેનો અને જીલ્લા પંચાયતના અધિકારી શ્રી બી. પી. પાઠક સાહેબ, કીર્તી દોશી વગેરેએ પ્રાસંગીક ગીતો પણ રજુ કરેલ. સંગીત વિભાગ મહંમદભાઇ દેખૈયા અને વિપુલ આચાર્યે સંભાળેલ.

મહેમાનો અને આમંત્રિતોને આવકારતું સ્વાગત પ્રવચન સમારંભ કન્વીનર શ્રી કાંતીલાલ આર. શાહે કરેલ અને વિશાળ સંખ્યામાં આવેલ સંદેશાનું વાંચન શ્રી અરવીંદ ડી. મહેતાએ કરેલ.

પ્રમુખશ્રીનો પરિચય શ્રી મનુભાઈ શેઠ અને અતિથિવિશેષનો પરિચય શ્રી પ્રવિણભાઈ સંઘવીએ આપેલ.

મહેમાનોને ફુલહાર વિધિ નવીનભાઈ કામદાર અને કાંતીલાલ આર. શાહે કરેલ.

સંસ્થાના વિવિધ કાર્યોની રૂપરેખા પોતાની આગવી શૈલીમાં સંસ્થાના મંત્રીશ્રી નવીનભાઈ કામદારે રજુ કરેલ અને મંડળ દ્વારા ચાલતા સામાજીક કાર્યોમાં સમાજનો સાથ અને સહકાર માંગેલ.

સમાજના બાલક બાલિકાને ધાર્મીક શિક્ષણ આપતા એક શિક્ષિકા બહેનનું પ્રતિવર્ષ સન્માન પ્રસંગે સન્માન કરી પારીતોષીક એનાયત કરવામાં આવે છે. તે મુજબ આજના સમારંભમાં શ્રી વસંતબેન શાહનું શ્રીમતિ હસુમતીબહેન જયસુખલાલ મહુવાવાળાના વરદ હસ્તે સન્માન થયેલ અને સન્માનપત્ર અને પારિતોષિક એનાયત થયેલ. અર્પણ થયેલ સન્માન પત્રનું વાંચન સંસ્થાના કાર્યવાહી સભ્ય કીર્તી આર. શાહે કરેલ.

આ ઉપરાંત માત્ર ૯ વર્ષની બાલીકા મનીશા પી. શાહે પંચ પ્રતિક્રમણનો ધાર્મીક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભ્યાસ પુર્ણ કરેલ જેના સૂત્રો સ્પષ્ટ, શુદ્ધ રીતે સમારંભમાં બોલેલ તેને પણ પ્રોત્સાહન ઈનામ અપાયેલ.

ત્યાર બાદ વળિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર શ્રીમતિ જ્યોતિબેન ડી. ગાંધીએ પ્રવચન આપેલ. આ ઉપરાંત અન્ય વક્તાઓએ પ્રવચન કરેલ.

અતિથી વિશેષ શ્રી વિનયચંદ ખીમચંદ શાહ કોળીયાકવાળાએ પોતાને આ તક આપવા બદલ આભાર વ્યક્ત કરેલ અને ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા પાઠવેલ.

પ્રમુખસ્થાનેથી શ્રી જગજીવન પોપટલાલ શાહે વિદ્યાર્થીને કેળવણી વિષયક અપાતા પ્રોત્સાહન બદલ આનંદ વ્યક્ત કરેલ અને મંડળની નિસ્વાર્થભાવે વિધવિધ પ્રવૃત્તિ કરતાં સંસ્થાના સંનિષ્ટ કાર્યકરોને આવા કાર્યો કરવા બદલ ધન્યવાદ આપેલ.

ત્યાર બાદ ૨૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રમુખશ્રી તેમજ અતિથીવિશેષશ્રીના વરદ્‌હસ્તે ઇનામ એનાયત કરવામાં આવેલ.

એ ઉપરાંત એસ.એસ.સી.માં પ્રથમ અને સંસ્કૃત વિષયમાં પ્રથમ સમાજમાં આવેલ આવેલ વિદ્યાર્થીને આત્માનંદ સભા તરફથી તેમના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ ભાણજીના વરદ્‌હસ્તે રૂા. એકાવન ભેટ આપવામાં આવેલ.

શ્રી સંઘ તરફથી ચાલતા રાહત કેન્દ્રના સીલાઈ વર્ગના ઇનામો શ્રી અનોપચંદ માનચંદ શાહ તરફથી શ્રી ઈન્દ્રવદનભાઇ અને શ્રી કાંતીલાલ નારણદાસના વરદ્ હસ્તે અપાયા.

સમારંભનું સકળ સંચાલન શ્રી નવીનભાઈ કામદારે કરેલ અને ખુશનુમા વાતાવરણ વચ્ચે સમારંભનું કાર્ય પૂરૂં થયું હતું.

બન્ને મહાનુભાવો તરફથી કોલેજમાં અભ્યાસ કરતા ભાઈ-બ્હેનોને માટે 'શ્રેયસ' સાયકલ યોજનામાં રૂા. ૨૫૦૦/– ૨૫૦૦/– મળી કુલ રૂા. ૫૦૦૧/ જાહેર કરવામાં આવ્યા હતા.

અત્યાર સુધીમાં મંડળ દ્વારા ૨૫૦ ઉપરાંત સાયકલો નોકરીયાત ભાઇ–બ્હેનોને અપાઈ ચૂકી છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ ૧૯૭૭

સને ૧૯૭૭ના માર્ચમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક એક જૈન વિદ્યાર્થીનીને રૂ. ૩૦૦)ની શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ આપવાની છે. એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ–૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સને ૧૯૭૭ના શ્રેયસ પારિતોષિક યોજનાના
## પ્રથમ ત્રણ વિજેતા

| શ્રેણી ૫ | ટકા |
|---|---|
| સંઘવી રાહુલ જસવંતરાય | ૯૧.૨ |
| વેલાણી પ્રકાશ જયંતીલાલ | ૮૭.૧ |
| શાહ શિલ્પા હિંમતલાલ | ૮૬.૫ |
| **શ્રેણી ૬** | |
| શાહ નિલા ખાંતીલાલ | ૮૮.૩ |
| ઘોઘારી પ્યાસા રસીકચંદ્ર | ૮૮ ૨ |
| મહેતા બિન્દુ અરવિંદભાઈ | ૮૦.૬ |
| **શ્રેણી ૭** | |
| શાહ અમિતા નવીનચંદ્ર | ૯૦.૧૬ |
| મહેતા હિમાંશુ રમણીકલાલ | ૯૦.૧૪ |
| શાહ બિપીન નવીનચંદ્ર | ૮૮.૪ |

| શ્રેણી ૮ | ટકા |
|---|---|
| બગડીયા પરેશ રમણીકલાલ | ૮૨.૨ |
| મહેતા પારૂલ કાંતીલાલ | ૭૯.૮ |
| શાહ ભાવના હસમુખરાય | ૭૭.૮ |
| **શ્રેણી ૯** | |
| વકીલ મનિષ નિર્મળકાંત | ૮૩.૪ |
| શાહ આશા અરવિંદરાય | ૮૨.૪ |
| શાહ હિતેષ બળવંતરાય | ૮૨.૧ |
| **ન્યુ એસ.એસ.સી.** | |
| શાહ પ્રશાંત નવીનચંદ્ર | ૭૭.૭ |
| ગાંધી હિનાબેન જેઠાલાલ | ૭૬.૮ |
| શાહ રાજેષ અનંતરાય | ૭૬.૨ |

## ૧૯૭૭ના સમાજના અભિનંદનના અધિકારી ગ્રેજ્યુએટો

| | |
|---|---|
| શાહ કિર્તિકુમાર કાંતીલાલ | એમ.બી.બી.એસ. |
| સલોત કિરીટકુમાર મોહનલાલ | ડી ટી.એમ |
| શાહ સૂર્યકાંત ચુનીલાલ | એન્જી. ડીપ્લો. |
| વોરા કિરીટકુમાર અનંતરાય | બી ઇ.સીવીલ |
| શાહ હિમાંશુ શાંતિલાલ | બી.ઇ.સીવીલ |
| વોરા ચંદ્રકાંત મગનલાલ | એન્જીનીયર |
| શાહ દક્ષા ધીરજલાલ | બી.એ. |
| શાહ સ્મિતા જયેન્દ્રભાઇ | બી.એ. |
| શાહ વર્ષા પુનમચંદ | બી.એ. |
| શાહ પ્રવિણા પરમાણંદદાસ | બી.એ. |
| શાહ અનિલ હરગોવિંદદાસ | બી કોમ. |
| શાહ કિરીટ મહીપતરાય | બી કોમ. |
| શાહ નિશીથ કાંતીલાલ | બી.એસસી. |
| શાહ કિર્તિકુમાર પરમાણંદદાસ | બી.એ.એક્ષ.સેમે મીકે. |
| શાહ મનોજ શાંતીલાલ | બી ફાર્મ |
| પારેખ ભરત કાંતિલાલ | બી ઈ.મીકે. |

卐

## સભા સમાચાર

દર વર્ષની માફક આ વર્ષે શ્રી આત્માનંદ સભાના કેળવણી ફંડમાંથી કોલેજ તેમજ હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતા જરૂરીઆતવાળા ૧૨ વિદ્યાર્થીઓને દરેકને વાર્ષિક રૂા. ૫૦)ની સ્કોલરશીપ મંજુર કરવામાં આવી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "શ્રી આત્મ-કાન્તિ પારિતોષિક" તથા શેઠ દેવચંદ દામજી સંસ્કૃત પારિતોષિક



શ્રી પ્રશાંતકુમાર નવીનચંદ્ર શાહ આ વર્ષે S.S.C. પરીક્ષામાં ભાવનગર કેન્દ્રમાં ૭૭.૭૧ ટકા માર્ક્સ સાથે બીજા નંબરે ઉત્તીર્ણ થયા છે. તે જૈનોમાં પ્રથમ છે અને આપણી સભાના પેટ્રન પ્રોફેસર નવીનચંદ્ર જે. શાહના પુત્ર છે.

છેલ્લા ૫-૬-૭-૮-૯ દરેક ધોરણમાં ભાવનગરના જૈનોમાં પ્રથમ રહી સભાનું "આત્મ-કાન્ત પારિતોષિક" મેળવેલ છે. વળી આપણી સભાનું 'શેઠ દેવચંદ દામજી સંસ્કૃત પારિતોષિક" રૂા. ૫૧/- પણ જૈનોમાં સંસ્કૃતમાં ૮૧ માર્કસ (સૌથી વિશેષ) હોઇ તેમને જ મળે છે,

શ્રી પ્રશાંતકુમાર ઘરશાળામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાનનો અભ્યાસ કરે છે. તેઓ ખૂબ જ પ્રગતિ કરે તેવી અમારી હાર્દિક શુભેચ્છા.


હે જીવ! ઘડીનો ય પ્રમાદ કરીશ નહિ!

**શ્રી બાલુભાઇ સુરતવાળા યોજીત**

**શ્રી સમેતશિખરજી-પાવાપુરીજી જૈન યાત્રા સ્પે. ટ્રેઈન**

**જૈન ધર્મની કલ્યાણક ભૂમિઓ અને ઐતિહાસિક સ્થળોનું નિરીક્ષણ કરવાનો**

**અમૂલ્ય લાભ**

(૧) ૪૨ દિવસનો ભરચક કાર્યક્રમ: સ્પેશ્યલ ટ્રેઈન તા. ૨૨-૧૦-૭૭ના રોજ આસો સુદી ૧૧ ને શનિવારે મુંબઈ સેન્ટ્રલથી ઊપડશે.

ટીકીટ બુકીંગ તથા વિગત માટે લખો:—

પ્રકાશભાઇ જે. કાપડીયા
વિતરાગ મચ્છરદાની માયા સ્ટોર
ખારગેટ, ભાવનગર
ફોન: ૪૮૮૪, ૪૭૮૩.

શાહ બાલુભાઈ લાલભાઈ (સુરતવાળા)
યુનિવર્સલ ટ્રાવેલ સર્વીસીઝ
૧૯/૨૧ હમામ સ્ટ્રીટ (અંબાલાલ દોશી માર્ગ)
બીજે માળે, મુંબઇ નં. ૪૦૦૦૨૩
ફોન: ઓફીસ ૨૭૩૬૧૦
રેસી. ૬૯૬૭૭૮

જયંતિલાલ વ્રૃ. કાપડીયા: ચક્ષુદાન તા. ૧૩-૯-૭૬ ભાદરવા વદ ૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर

गुजरात युनिवर्सिटी पासे, अमदावाद–९

| | रुपिया |
|---|---|
| लावण्यसमयकृत नेमिरंगरत्नाकरछंद | १० |
| जिनमाणिक्यगणिकृत रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी | १० |
| रत्नप्रभसूरिकृत रत्नाकरावतारिका भाग २-३ | १८ |
| अज्ञातकर्तृक कल्पलताविवेक | ३२ |
| आ० जिनभद्रकृत विशेषावश्यकभाष्य भाग ३ | २१ |
| आ० हरिभद्रकृत शास्त्रवार्तासमुच्चय ( हिन्दी अनुवादसहित ) | ३० |
| धनपालकृत तिलकमजरीसार | २० |
| आ० हरिभद्रकृत नेमिनाहचरिउ भाग १-२ | १०० |
| प्रमाणवार्तिकभाष्यकारिकार्धपादसूचि | १० |
| प्राकृत जैन कथा साहित्य | २० |
| उपा० हर्षवर्धनकृत अध्यात्मबिन्दु | २० |
| चक्रधरकृत न्यायमंजरीग्रन्थिभंग | ५० |
| जिनभद्रसूरिकृत मदनरेखा–आख्यायिका | ४० |
| प्राचीन गूर्जर काव्यसंचय | १६ |
| जैनप्रकरणसंग्रह | २० |
| सणतुकुमारचरिय | ८ |
| इसिभासियाइं | २० |
| हैमनाममालाशिलों | २० |
| न्यायमंजरी (प्रथम आह्निक) गुजराती अनुवाद सह | १६ |
| जिनेश्वरसूरिकृत गाहारयणकोस | २० |
| जयवन्तसूरिकृत रूषिदत्तारास | १६ |

| | रुपिया |
|---|---|
| इन्दहंसकृत भुवणभाणुकेवलिचरिय | १६ |
| शशधरकृत न्यायसिद्धान्तदीप (गुणरत्नसूरिकृत टिप्पण सहित) | ४५ |
| बौद्धधर्मदर्शननी पायानी विभावना (गुज.) | ८ |
| More Documents of Jaina Paintings and Gujarati Paintings by Dr. U. P. Shah | 76 |
| Aspects of Jaina Art and Architecture. | 150 |
| Indian Philosophy by Pt. Sukhlalji | 30 |
| Vasudevahindi–an authentic Jaina version | 150 |
| Atonements in the Ancient Ritual of the Jaina monks. | 50 |
| Jaina Concept of Omniscience | 50 |
| Dictionary of Prakrit Proper Names Pt. I-II. | 67 |
| Jaina Ontology | 50 |
| A Critical Study of the Mahapurana of Puspadanta. | 50 |
| Akalanka's Criticism of Dharmakirti's Philosophy | 50 |
| The Natyadarpana–A Study | 50 |
| Catalogue of Manuscripts Pts. 1–4 | 160 |
| Catalogue of Mss. Jesalmer Collection | 50 |





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક

## સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

**હેઠળ આપનાં નાણાં મહિને મહિને**
**વધુ ઝડપથી વધતાં જ રહે છે.**




**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯,**
**૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.**

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંકની** સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી **દેના બેંક** શાખાની મુલાકાત લો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસઃ હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/288


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી આગમ ગ્રંથમાળાના ૧૫ ગ્રંથનો થયેલ પ્રકાશન સમારંભ

આગમ સૂત્રોને સંશોધિત સંપાદિત કરી પ્રગટ કરવાની શ્રી જૈન આગમ ગ્રંથમાળાની યોજના પૂજ્ય આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજની પ્રેરણાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે થોડા વર્ષો પહેલાં અપનાવી હતી. નંદીસૂત્ર, અનુયોગદ્વાર, પન્નવણા (બે ભાગમાં), ભગવતીસૂત્ર અને પૂજ્ય જંબુવિજયજી મહારાજ સંશોધિત સંપાદિત શ્રી આચારાંગસૂત્રનું પ્રકાશન અગાઉ થયેલ છે. તા. ૨૧મી ઓગષ્ટના રોજ શ્રી દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને આવશ્યક સૂત્રનો પ્રકાશન સમારંભ પૂજ્ય આચાર્ય શ્રી સુબોધસાગરજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરજી મહારાજની નિશ્રામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં થયો હતો.

પ્રારંભમાં સંસ્થાના મંત્રી શ્રી જે. આર. શાહે જણાવ્યું હતું કે પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજે સતત ૪૦ વર્ષ સુધી આગમ સંશોધન કાર્ય કર્યું હતું. મૂળ આગમ સંશોધન અને પ્રકાશનનું કાર્ય ભગીરથ છે. અને આ જવાબદારી બનતી ત્વરાએ અદા કરવા માગીએ છીએ. સૂત્રકૃતાંગસૂત્ર અને ભગવતીસૂત્ર ભાગ બીજાનું મુદ્રણ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં થયેલ કાર્યમાં મુનિરાજો, વિદ્વાનો અને શ્રી જૈન સંઘોનો દરેક રીતનો પ્રેરણાદાયી સહકાર મળેલ છે. હજુ બીજા ગ્રંથો પ્રગટ કરવાના બાકી છે એટલે સકળ સંઘના વધુ સક્રિય સહકારની જરૂર છે.

જૈન દર્શનના ઊંડા અભ્યાસી અને શ્રી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પૂર્વ ડીરેકટર શ્રી દલસુખભાઇ માલવણીયાએ દિવગંત પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ પોતાના જીવનકાળ દરમ્યાન આગમ સંશોધન અંગે સતત પ્રવૃત્તિશીલ રહ્યા અને જ્ઞાનભંડારોના ઉદ્ધાર માટે જે અવિરત કાર્ય કર્યું તેનો ઉલ્લેખ કરી ભાવભરી અંજલિ અર્પી હતી. મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ આગમ સંશોધનકાર્યમાં પોતાનો ફાળો આપી રહ્યા છે તેનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી દલસુખભાઇએ આ અંગે સૂચન કર્યું હતું કે દરેક પ્રકાશિત આગમની પ્રસ્તાવનામાં આમેજ કરેલ આગમનો સારાંશ આપવામાં આવે તો ગ્રંથની ઉપયોગિતા ઘણી વધશે. આચાર્યશ્રી સુબોધસાગરજી મહારાજ તથા આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરજી મહારાજે આગમ સંશોધનની પ્રવૃત્તિને આવકારી હતી. અને વિદ્યાલયે શ્રી મોતીચંદભાઈ કાપડિયાના જે પુસ્તકો પ્રગટ કર્યાં છે તેની પ્રશંસા કરી હતી.

આ ગ્રંથ શ્રી કેશવલાલ કીલાચંદે પૂ. આચાર્ય ભગવંતોને અર્પણ કર્યો હતો.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મિચ્છામિ દુક્કડમ્

( કવ્વાલી )

અમે ક્રોધ શમાવીને,
સૌ જીવો ખમાવીને;
વળી મસ્તક નમાવીને,
મિચ્છામી દુક્કડમ્ કહીશું. ૧

અમો સંયમ તપ પાળી,
કલુષિત કર્મને બાળી;
વળી સૌ દોષને ટાળી,
પરમ આરાધના કરશું. ૨

અમારી કાયા મન વાણી,
કરે અહિંસા તણી લ્હાણી;
દયા વીર ધર્મ પીછાણી,
ફરજ અમો બજાવીશું. ૩

ન દ્વેષી કોઈનાં થાશું,
ન વિરોધી અમે બનશું;
ક્ષમાનું સૂત્ર આચરશું,
કષાયોને શમાવીશું. ૪

અમો તો 'સાધના' પંથે,
જઈ મંદિરમાં વસશું;
'અમર' મસ્તક નમાવીને,
મિચ્છામી દુક્કડમ્ કહીશું. ૫

( અમર સાધના )


* સધવા-વિધવા બેનોને આશીર્વાદ રૂપ આ સંસ્થા છે. *

સંસ્કાર અને સદાચારને પોષક શિક્ષણ સંસ્થા

પ૩ વર્ષોથી આ આદર્શ સંસ્થા ચાલે છે.

**શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા**

ધાર્મિક અભ્યાસ, ભરત ગુંથણ અને સિલાઇના શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરનું કાર્ય અહિ થાય છે. સંસ્થા સધવા-વિધવા બેનોને ગમે તે સમયે દાખલ કરે છે, તો દાખલ થવા માટે પ્રવેશ ફોર્મ રૂા. ૧-૦૦ મોકલી મંગાવો.

શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલીતાણા (સૌ.)

ગિરિરાજની યાત્રાએ પધારો ત્યારે સંસ્થાની મુલાકાતે પધારો !




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

## પ્રાઈવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ * જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી.
'શરીર એજ આત્માનું મંદિર છે, * શરીર સારૂં હશે તો ધર્મકાર્ય ઉત્તમ રીતે થઈ શકશે.'

**"દુઃખાવાથી લાંબા સમયથી પથારીવશ છો ! શા માટે?"**

વા, સંધિવા (આર્થરાઈટીસ) સાઈટીકા, (રાંઝણવા) ખભાનો દુઃખાવો, ખભો અક્કડ થઈ જવો, (ફ્રોઝન શોલ્ડર) ખભાથી હાથની આંગળી સુધીનો નસનો દુઃખાવો, મસ્કયુલર પેઈન, કેડ કમર, ઢીંચણ, ઘુંટણનો દુઃખાવો. કરોડરજ્જુના મણકાની ફરિયાદ (સ્લીપ ડીસ્ક), ડોકનું અક્કડપણું (સ્ટીફ નેક) તેમજ શરીરનો કોઈ પણ ભાગ કામ કરતો રહી ગયો હોય. આપ ઇલેકટ્રીકના શેક, ( લાઈટ ) તથા માલીસની ટ્રીટમેન્ટ કરી ચુકયા હો, દરેક જાતના લેપ લગાડ્યા છતાં આરામ ન થયો હોય, દરેક જગ્યાએથી નિરાશ થઈ ગયા હો તો

**દવા ખાધા વગર** સરળતાથી વર્ષોના અનુભવી આપને ઘેર આવીને સારવાર આપશે.

**ભાનુભાઈ વૈદ્ય** ( નેચરોપાથ ) ફીઝીઓ થેરોપીસ્ટ

**ઘરનું ઠેકાણું**
મોચી બીલ્ડીંગ, ૧લે માળે, પોલીસ ચોકીની બાજુમાં
નેતાજી સુભાષ રોડ, મુલુંડ (વેસ્ટ) **મુંબઈ–૮૦**
**સમય :** સવારે ૮ થી ૧૦

**C/o. ભગવતી પ્રી. પ્રેસ**
૧૧૮, મસ્જીદ બંદર રોડ, સેન્ટ્રલ બેંક સામે
**મુંબઇ–૩ સમયઃ–** બપોરે ૧ થી ૨ ૩૦
ફોન C/o. ૩૨૫૫૮૭



*With best compliments from :*

# Steelcast Bhavnagar Private Ltd.

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં ઉપયોગી પ્રાપ્ય પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

૧. અધ્યાત્મકલ્પદ્રુમ : રચયિતા–આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ
ભાષાંતર તથા વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ છઠ્ઠી આવૃત્તિ : કિંમત રૂ. ૮ ]

૨. જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ત્રીજી આવૃત્તિ : કિંમત રૂ. ૪ ]

૩. આનંદઘનજીના પદો : ( ભાગ બીજો )
વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક–શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
[ કિંમત રૂ. ૧૦ ]

૪. આનંદઘન ચોવીશી : વિવેચક–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક-શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ
[ કિંમત રૂ ૮ ]

૫. શ્રી શાંતસુધારસ : રચયિતા–મહોપાધ્યાય વિનયવિજયજી
વિવેચનકર્તા–શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
[ ચોથી આવૃત્તિ : કિંમત રૂ. ૧૫ ]

## જૈન આગમ–ગ્રંથમાળા

૧. ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दारसुत्त [ પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત રૂ. ૪૦ ]
૨. ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા ૫૦૨ : કિંમત રૂ. ૩૦ ]
૩. ग्रन्थांक ९ : पण्णवणासुत्त भाग २ [ પૃષ્ઠ સંખ્યા ૬૩૨ : કિંમત રૂ. ૪૦ ]
૪. ग्रन्थांक ४ : वियाहपण्णत्तिसुत्त भाग १ [ પૃષ્ઠ સંખ્યા ૫૪૪ : કિંમત રૂ. ૪૦ ]
૫. ग्रन्थांक २ : आयारंगसुत्त [ પૃષ્ઠ સંખ્યા ૫૧૨ : કિંમત રૂ. ૪૦ ]
૬. ग्रन्थांक १५ : दशवैकालिकसूत्र, उत्तराध्ययनसूत्र, आवश्यकसूत्र [ પૃષ્ઠ ૭૫૦ : કિંમત રૂ. ૫૦ ]

## અન્ય ઉપયોગી પ્રકાશનો

૧. કાવ્યાનુશાસન : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ. ૧૫–૦૦
૨. યોગશાસ્ત્ર : કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કિંમત રૂ. ૧–૨૫
૩. અષ્ટક પ્રકરણ : આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કિંમત રૂ. ૦–૨૫
૪. The Systems of Indian Philosophy
Late Shri V. R. Gandhi કિંમત રૂ. ૫–૦૦
૫. સુવર્ણ મહોત્સવ ગ્રંથ : ( ભાગ ૧–૨ ) કિંમત રૂ. ૫૦–૦૦
સભ્યો અને સંસ્થાઓ માટે કિંમત રૂ. ૨૫–૦૦
૬. New Documents of Jain Painting :
Dr. Moti Chandra & Dr. U. P. Shah કિંમત રૂ. ૧૨૫–૦૦

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,** ઓગસ્ટ ક્રાંતિમાર્ગ, **મુંબઇ–૩૬**
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,** પાલડી બસ સ્ટેન્ડ પાસે. **અમદાવાદ–૬**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## —: અણુમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જંબુવિજયજીના**

વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ દ્વિતીય ભાગ'

બહાર પડી ચૂકયો છે, વેચાણ શરૂ થઈ ગયેલ છે.

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઇએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

ડૉ. **આદિનાથ** ને. ઉપાધ્યે જણાવે છે કે-મુનિશ્રી જંબુવિજયજીની આ આવૃત્તિની પોતાની અનેક વિશેષતાઓ છે. શ્રી જંબુવિજયજીએ મૂળ ગ્રંથનો વિગતપૂર્ણ અભ્યાસ કરેલ છે. તેમણે લખેલી ટિપ્પણીઓ મહત્વપૂર્ણ અને વિદ્વતા ભરેલી છે. સંશોધનની દૃષ્ટિથી મૂલ્યવાન છે. ન્યાયગ્રંથની એક આદર્શ રીતે સંપાદિત આવૃત્તિ માટે હું મુનિશ્રી જંબુવિજયજીને મારા આદરપૂર્ણ અભિનંદનોથી નવાજું છું.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર**

તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only